પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૪/૨૦૨૪, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ફાગણ વદ-૯ વર્ષ : ૧૫ અંક : ૦૭૪


**સુવિચાર**

ઈશ્વરનાં બે નિવાસ સ્થાન છે.
એક વૈકુંઠમાં અને બીજું નમ્ર અને કૃતજ્ઞ હૃદયમાં


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

એક એવી શાળા કે જ્યાં ભણવાનું ગૌરવ થાય
નિત્યમ વિદ્યા સંકુલ
નવા શૈક્ષણિક સત્રથી અમરેલીમાં...
બાલ મંદિરથી ધોરણ-૧૨, (સાયન્સ,કોમર્સ,આર્ટસ)
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ,
બોયઝ & ગર્લ્સ હોસ્ટેલ

ઈમરજન્સી સારવાર.... રાહત દરે
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
હૃદયરોગ - બીપી
શ્વાસ - દમ - ન્યુમોનિયા
પક્ષઘાત - પેરાલીસીસ - આંચકી
ઝેરીદવા - સર્પદંશ
ડાયાબિટીસ - કીડની - લીવરની તકલીફ વગેરે
ડૉ. રાજન કકૈયા (એમ.ડી.)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦


## કેન્દ્ર સરકાર અને ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડિયાને નોટિસ પાઠવી

# ''વિવિપેટ'' સ્લિપની ગણતરી બાબતે સુપ્રીમે જવાબ માંગ્યો

**૫ હજાર કરોડનાં ખર્ચે ૨૪ લાખ વિવિપેટની ખરીદી થઈ અને માત્ર ૨૦ હજાર વિવિપેટ સ્લિપની થાય છે ચકાસણી**

**ઘણા સમયથી ઈવીએમથી થતી ચૂંટણીને લઈને કોઈને કોઈ વિવાદ થયા કરે છે**

**સામાજિક કાર્યકર્તા અરૂણકુમાર અગ્રવાલની અરજીનાં આધારે સુપ્રીમ કોર્ટે નોટિસ ઈસ્યુ કરી**

**જસ્ટીસ બી.આર. ગવઈ અને જસ્ટીસ સંદિપ મહેતાની બેન્ચે નોટિસ ઈસ્યુ કરી**

નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં તમામ 'VVPAT' સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે. હાલમાં, VVPAT સ્લિપ દ્વારા માત્ર પાંચ અવ્યવસ્થિત રીતે પસંદ કરાયેલ EVM (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) ની ચકાસણી કરવાનો નિયમ છે. 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ' (VVPAT) એક સ્વતંત્ર વોટ વેરિફિકેશન સિસ્ટમ છે, જે મતદારને એ જોવાની મંજૂરી આપે છે કે તેનો મત તે ઉમેદવારને ગયો છે કે જેને તેણે મત આપ્યો છે. VVPAT દ્વારા, મશીનમાંથી કાગળની સ્લિપ બહાર આવે છે, જેને મતદાર જોઈ શકે છે અને આ સ્લિપને સીલબંધ બોક્સમાં રાખવામાં આવે છે અને વિવાદના કિસ્સામાં તેને ખોલી શકાય છે. જસ્ટિસ બી.આર. ગવઈ અને **જસ્ટીસ** સંદીપ મહેતાની બેન્ચે સામાજિક કાર્યકર્તા અરુણ કુમાર અગ્રવાલનું પ્રતિનિધિત્વ કરતા વકીલોની દલીલો ધ્યાનમાં લીધી જેમણે ચૂંટણીમાં તમામ VVPAT સ્લિપની ગણતરી કરવાની માંગ કરી હતી. બેંચે અરજી પર પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી હતી. આ

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ઘરકંકાસનાં કારણે પરિવાર પિંખાયો

# ધારીનાં કુબડા ગામે પત્નીનાં આડા સંબધથી કંટાળીને પતિએ આત્મહત્યા કરી લીધી

**પોતાની મેળે ગળફાંસો ખાઈ કરી આત્મહત્યા**

અમરેલી, તા. ૨

ધારી તાલુકાના કુબડા ગામે રહેતા હિતેશભાઈ મનહરભાઈ વોરા નામનાં ૫૫ વર્ષિય આધેડના પત્નિ આશાબેનને કોઈ બીજા પુરૂષ સાથે અનૈતિક સંબંધ હોય. જે બાબતે મરણ જનાર હિતેશભાઈએ તેમના પત્નિ આશાબેનને સમજાવેલ હતા. જે અનૈતિક સંબંધની બાબતનો વિચાર તેમને મનમાં વારંવાર આવતો હોય અને તે વિચાર બાબતે હિતેશભાઈને મનમાં લાગી આવતા પોતે કંટાળી જઈ તા.૧ના ૨ વાગ્યે પોતે પોતાની મેળે ગળાફાસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.


## આગામી લોકસભા ચૂંટણીનાં અનુસંધાને

# અમરેલીમાં આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ભાજપનાં કાર્યકર્તાઓને આપશે માર્ગદર્શન

**''હોટેલ લોર્ડસ ઈન'' ખાતે સવારે ૯ કલાકે બેઠક યોજાશે**

અમરેલી, તા. ૨

આગામી લોકસભા ચૂંટણીનાં અનુસંધાને ગુજરાત રાજયનાં મુખ્યમંત્રી આગામી તારીખ ૪ ને ગુરૂવારનાં રોજ અમરેલીની મુલાકાત



લેવાના છે. સવારે ૯:૦૦ કલાકે તેમના આગમન બાદ હોટેલ ''લોર્ડસઈન'' ખાતે અમરેલી જિલ્લામાં તમામ મુખ્ય અને જવાબદાર કાર્યકર્તાઓની એક બૃહદ બેઠક કરવાનાં છે.

આ બેઠક દરમ્યાન લોકસભા કલસ્ટર ઈન્ચાર્જ ભૂપેન્દ્રસિંહજી ચુડાસમા, દિલીપભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા, ધર્મેન્દ્રસિંહજી જાડેજા, ભરતભાઈ બોઘરા, કૌશિકભાઈ વેકરિયા, રાજેશભાઈ કાબરીયા, મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા તથા પૂર્વ ધારાસભ્યો, પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખો તથા જિલ્લાનાં મહત્વનાં આગેવાનો ઉપસ્થિત રહેશે.

## શાળા સમિતિ દ્વારા માંગ કરવામાં આવી

# રાજુલાનાં હિંડોરણા ગામની પ્રાથમિક શાળા નજીક હાઈવે ઉપર સ્પીડ બ્રેકર લગાવો

**નેશનલ હાઈવે ઓથોરીટીને પત્ર પાઠવ્યો**

રાજુલા, તા. ૨

રાજુલા તાલુકાનાં હાઈવે ઉપર આવેલ હિંડોરણા ગામને પ્રાથમિક શાળાની કમિટી ધ્વારા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈનિડયાનાં મેનેજરને એક લેખિત પત્ર લખવામાં આવ્યો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, હિંડોરણા ગામની પ્રાથમિક શાળામાં ૫૦૦ જેટલા બાળકો અભ્યાસ કરતાં હોય અને આ બાળકોને અવરજવર આ હાઈવે ઉપરથી

**અનુસંધાન પાના ૬ ઉપર**



## ખારી ગામ પાસે અકસ્માતનો બનાવ બન્યો

# બગસરાનાં ચારણપીપળી ગામનાં આધેડનું ટ્રેકટર પલ્ટી જતાં મોત

**સ્થાનિક પોલીસમાં જાહેર થયું**

અમરેલી, તા.૨

બગસરા તાલુકાના ચારણપીપળી ગામે રહેતા બાબુભાઈ સોમાભાઈ દાફડા નામનાં ૫૦ વર્ષિય આધેડ ગત તા.૧/૪ ના સાંજે ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના હવાલા વાળુ ટ્રેકટર પુરઝડપે અને બેફીકરાઈ ભરી રીતે ચલાવતા ખારી ગામ પાસે કુરજીભાઈ માદળીયાની વાડી પાસે ખાળીયામાં પોતાની મેળે ટ્રેકટર ખાળીયામાં ઉતરી જતા આધેડને શરીરે નાની મોટી તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા પોતાનું મોત નિપજાવ્યાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.


ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

મોરબીના ભાવે અહિંથી મળશે
આપનાં સ્વપ્નનાં ઘરને સજાવો અમારી અવનવી અદ્યતન ડીઝાઈન વાળી વિવિધ ટાઈલ્સથી....
એકવાર અવશ્ય મુલાકાત લો...
ટાઈલ્સ હોલસેલ તથા રીટેલ મળશે.
ટાઈલ્સ ડીઝાઈન સ્ટુડિયો
લાઠી રોડ, બાયપાસ ચોકડી, અમરેલી
વિજયભાઈ મો.૯૯૦૧૭ ૯૯૯૫૫ કિશનભાઈ મો.૯૯૨૫૧ ૧૧૧૨૪ મયંકભાઈ મો.૯૯૦૯૯ ૭૭૭૦૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૫
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ૪૬૯૦૨

LG
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
LG ઈલેક્ટ્રોનીક્સ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડક્ટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASYEMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૨૮૪ ૫૯૫૫૭

સ્થાપના વર્ષ: ૧૯૫૯
અગ્રણી કેળવણીકારશ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત બેસ્ટ સ્કૂલ એવોર્ડથી સન્માનિત
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ
વિદ્યાસભા,લાઠી રોડ, અમરેલી,ગુજરાત, ૩૬૫૬૦૧
એડમિશન ઓપન ૨૦૨૪-૨૫
:- સ્કૂલ :-
બાલમંદિર થી ધોરણ : ૧૨
સાયન્સ, કોમર્સ, અને આર્ટ્સ માં
ગુજરાતી / અંગ્રેજી / મિશ્ર માધ્યમ
ગર્લ્સ અને બોયઝ
:- હોસ્ટેલ :-
ધોરણ: ૫ થી ૧૨
ગર્લ્સ અને બોયઝ માટે અલગ-અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ
એડમિશન હેલ્પલાઈન નં. 909 909 8220
૧૦૦ એકરમા પથરાયેલ વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર અને અદ્યતન ટેકનોલોજી થી સૂસજ્જ કેમ્પસની સુવિધાઓ રૂબરૂ નિહાળવા આવકારીએ છીએ.
www.vidyasabha.com

## ભાજપ સરકારની ઈલેકટોરલ બોન્ડનાં નામે ચંદા દો... ધંધા લો, કોન્ટ્રાકટ લો... લાંચ આપો

# ઈલેકટોરલ બોન્ડ એ ભારતનું જ નહિ પણ સમગ્ર વિશ્વનું સૌથી મોટુ કૌભાંડ

### આરબીઆઈએ ૭ વર્ષ પહેલા ઈલેકટોરલ બોન્ડ ન લાવવા અભિપ્રાય આપેલ છતાં ઈલેકટોરલ બોન્ડ યોજના આવી

અમદાવાદ, તા. ૨

ભાજપ સરકારની ઈલેકટોરલ બોન્ડના નામે 'ચંદા દો... ધંધા લો', 'કોન્ટ્રાકટ લો... લાંચ આપો' ની લુંટનીતિનો પર્દાફાશ કરતાં અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ હિંમતસિંહ પટેલે પત્રકાર પરિષદને સંબોધન કરતાં જણાવ્યુ હતું કે, ભારતીય રીઝર્વ બેન્ક (આર.બી.આઈ.) ૩૦ જાન્યુઆરી, ૨૦૧૭ ચેતવણીપત્રમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે ઈલેકટોરલ બોન્ડના ઉપયોગથી કાળુંધન, મની લોન્ડ્રીંગ જેવા ગેરકાયદેસર કારનામાઓમાં ઉમેરો થઈ શકે છે. ભાજપની ચંદા દો–ધંધા લો, કોન્ટ્રાકટ લો, લાંચ દો જેવી હપ્તા વસૂલી અને ફંડ આપતી ફર્જી કંપની (શેલ કંપની)એ દેશમાં ભ્રષ્ટાચારનું સુનિયોજિત નેટવર્ક ઉભું કર્યુ હોય તેમ સ્પષ્ટ જણાય છે. વર્ષ ૨૦૧૮ પછી ૪૩ જેટલી કંપનીએ તેની સ્થાપનાના છ મહિનામાં ઈલેકટોરલ બોન્ડ ખરીદ્યા અને કુલ મળીને ૩૮૪.૫૦ કરોડનું દાન આપ્યું. વર્ષ ૨૦૧૮માં નાણામંત્રાલયએ પી.એમ.એલ.એ.ના ઉલ્લંઘન સંબંધી ૧૯ કંપનીને ઉચ્ચ જોખમ (હાઈ રીસ્ક) ના રૂપમાં ઓળખ કરી હતી. આ ૧૯ કંપનીઓએ પણ ૨૭૧૭ કરોડ રૂપિયા ઈલેકટોરલ બોન્ડ ખરીદ્યા હતા જેમાંથી ૧૮ કંપનીઓ નાણામંત્રાલયની પી.એમ.એલ.એ.ના ઉલ્લંઘન સંબંધી ૧૯ કંપનીને ઉચ્ચ જોખમ લીસ્ટમાંથી બાકાત કરી નાખવામાં આવી. ઈલેકટોરલ બોન્ડસ એ માત્ર ભારતનું જ નહિ પણ સમગ્ર વિનું સૌથી મોટું કૌભાંડ પૈકીનું એક છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા ઈલેકટોરલ બોન્ડ અંગે જે માહિતી ૧૫ સેકન્ડમાં આપી શકે તે માહિતી મોદી સરકાર ઈચ્છતી જ નહોતી કે જાહેર થાય. સુપ્રિમકોર્ટની ફટકાર બાદ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ કરાયો છે.

### ઈલેકટોરલ બોન્ડ દ્વારા ગોટાળો કરવા અલગ–અલગ ૪ પધ્ધતિ અપનાવવામાં આવેલી

ઈલેકટોરલ બોન્ડ દ્વારા ગોટાળો કરવા ચાર અલગ અલગ પધ્ધતિ અપનાવવામાં આવેલી છે. કેન્દ્રની ભાજપા સરકારે ચાર પ્રકારે ઈલેકટોરલ બોન્ડ નામે અબજો રૂપિયા ખાનગી કંપનીઓ પાસેથી યેન–કેન પ્રકારે વસૂલ્યા જેમાં ચંદા દો... ધંધો લો... એટલે કે પ્રી–પેઈડ સીમકાર્ડ, કોન્ટ્રાકટ લો... લાંચ આપો... એટલે પોસ્ટ પેઈડ, હપ્તા વસૂલી એટલે કે પહેલા ઈડી, સી.બી.આઈ., ઈન્કમટેક્ષ સહિતની એજન્સીઓ રેડ પાડે ત્યાર બાદ કંપનીઓ બચવા માટે ભાજપાને ઈલેકટોરલ બોન્ડ ખરીદી ચંદા આપવામાં આવી રહ્યાં છે. કોંગ્રેસ પક્ષ ખાનગી કંપનીની વિરૂધ્ધમાં નથી, ખાનગી રોકાણ વિના આર્થિક વિકાસ શકય નથી. વર્ષ ૨૦૦૪ થી વર્ષ ૨૦૧૪ દરમ્યાન ખાનગી રોકાણ જીડીપીના ૩૨ ટકા ખાનગી રોકાણ હતું. ફર્જી કંપની, શેલ કંપનીના માધ્યમથી કોર્પોરેટ ડોનેશન, કોર્પોરેટ બોન્ડ મહાગોટાળો, ૩૮ કોર્પોરેટ ગ્રુપ છે. કંપની નહિ, કોર્પોરેટ ગ્રુપમાં ૧૦ કંપની, ૧૫ કંપની, ૨૦ કંપની હોય શકે. એટલે કે કોર્પોરેટ સમૂહ જેની માલિક એક હોય છે. ૩૮ કોર્પોરેટ ગ્રુપ ૧૭૯ કોન્ટ્રાકટ જે છેલ્લા છ વર્ષમાં મોદી સરકારે આપ્યા છે. કોર્પોરેટના પ્રોજેકટ લગભગ ચાર લાખ કરોડની માતબર રકમના છે. આ પ્રોજેકટ મેળવનાર કંપનીઓ દ્વારા બે હજાર કરોડના ઈલેકટોરલ બોન્ડ ભાજપમાં જમા થયા. ઈલેકટોરલ બોન્ડના નામે ભાજપાએ ચલાવેલ સુનિયોજીત લૂંટની તપાસ માટે સુપ્રિમકોર્ટની દેખરેખ હેઠળ તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ) ની રચના કરવામાં આવે જેની સમયમર્યાદામાં સંપૂર્ણ તપાસ થાય. એક તરફ ઈલેકટોરલ બોન્ડના નામે ભાજપએ ભયમુકત ભ્રષ્ટાચારી ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયાનું ધનભંડોળ એકત્રિત કરી દીધું છે. એક તરફ સરકારી તિજોરીમાંથી મોટા લાભ આપવાના અને બીજી તરફ ઈલેકટોરલ બોન્ડના નામે કમિશન લેવાનું તથા ઈડી, આઈટી અને સીબીઆઈની રેડો કરાવીને હપ્તાની વસૂલી કરવાના અનેક કિસ્સાઓ સુપ્રિમ કોર્ટે ઈલેકટોરલ બોન્ડની માહિતી જાહેર કરાવી છે ત્યારથી બહાર આવ્યા છે. એક પક્ષ ૮૨ અબજ ૫૨ કરોડ રૂપિયાનો

### ઈલેકટોરલ બોન્ડનાં નામે થયેલ કૌભાંડની તપાસ માટે સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના જરૂરી

ઈલેકટોરલ બોન્ડથી ધનસંગ્રહ કરીને બેઠો છે એ પક્ષ મુખ્ય વિરોધપક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે તેના બેન્ક એકાઉન્ટ ફ્રીઝ કરે અને ગેરકાયદેસર નાણા પણ ઉઠાવી લે તે લોકશાહીના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે અને જનતા જનાર્દન આને માફ નહીં કરે. કોંગ્રેસ પક્ષે વિાસ વ્યકત કર્યો હતો કે લોકશાહીનું ચીરહરણ કરવા નીકળેલી ભાજપને દેશની મહાન જનતા માફ નહીં કરે અને તેને પરાસ્ત કરશે. ભાજપે ભૂતકાળમાં આપેલી મોટી–મોટી ગેરંટીઓ સંપૂર્ણ નિષ્ફળ રહી છે. આગામી લોકસભાની ચૂંટણીમાં ખૂબ ખરાબ રીતે હારનો સામનો કરવો પડશે ત્યારે વિરોધપક્ષો ચૂંટણી જ ન લડી શકે તેવા તમામ હથકંડાઓ શરૂ કરવામાં આવ્યા છે. કોંગ્રેસ પક્ષના એકાઉન્ટ ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે અને ૧૧૫.૩૨ કરોડ રૂપિયા કે જે દેશની જનતાએ કોંગ્રેસ પક્ષને ભાજપનો મુકાબલો કરવા માટે ધન સ્વરૂપે આપ્યા હતા તે કોંગ્રેસ પક્ષના

### અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિનાં પ્રમુખ હિંમતસિંહ પટેલે પત્રકાર પરિષદ યોજી


ખાતામાંથી ઉઠાવી લેવામાં આવ્યા છે. આપણા દેશના કાયદાઓ મુજબ રાજકીય પક્ષોને મળેલા દાન ઉપર કોઈપણ પ્રકારના ઈન્કમટેકસ હોતો નથી. ભાજપા સહિત કોઈપણ રાજકીય પક્ષ ઈન્કમટેકસ ભરતો નથી. આમ છતાં માત્ર કોંગ્રેસ પક્ષના ૧૧ બેંક એકાઉન્ટ ફ્રીઝ શા માટે કરવામાં આવ્યા ? ઈન્કમટેક્ષની કલમ ૨૩૪(એફ) અનુસાર જો કોઈ ખામી હોય તો માત્ર ૧૦ હજાર રૂપિયાનો દંડ કરી શકાય. આ સમગ્ર બાબતથી એ સ્પષ્ટ થાય છે કે માત્ર હાર ભાળી ગયેલી ભાજપ વિરોધપક્ષ ચૂંટણી ન લડી શકે તે માટે બિનલોકશાહી હથકંડા કરે છે.

ઉપરોકત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના નેતા શેહઝાદખાન પઠાણ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી બળદેવ લુણી, રાજુભાઈ બ્રહ્મભટ્ટ, મીડીયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગભાઈ રાવલ, પ્રવકતા હિરેન બેંકર, અમદાવાદ શહેરના પ્રવકતાઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચલાલા લોહાણા મહાજન પ્રમુખના કાકા જયંતીભાઈ સાદરાણીનું અવસાન થયું

ચલાલા, તા. ૨

ચલાલા ચેમ્બર ઓફ કોમર્સ અને લોહાણા મહાજનના પ્રમુખ મહેન્દ્રભાઈ સાદરાણી, મુકેશભાઈ સાદરાણી (દિનેશ સ્ટોર), ભરતભાઈ સાદરાણી (રાજકોટ) ના કાકા જયંતીભાઈ ભીમજીભાઈ સાદરાણી (કનુકાકા) ઉ.વ. ૮૫ નું આજે તા. ૨/૪/૨૪ મંગળવારના અમદાવાદ ટુકી બિમારી બાદ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગત જયંતીભાઈ સાદરાણીની સમશાન યાત્રા રાત્રીના ચલાલા મહેન્દ્રભાઈ સાદરાણીના નિવાસ સ્થાનેથી નીકળી સમશાન યાત્રામાં લોહાણા સમાજના આગવાનો સહીત અન્ય સમાજના



લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સદ્ગતને ભાવભરી શ્રધ્ધાંજલી પાઠવી હતી.

## જિલ્લા ચુંટણી અધિકારીને પત્ર પાઠવ્યો

# અમરેલીનાં શ્રી ગીરાસદાર રાજપુત સમાજે રૂપાલાની ટિકિટ રદ કરવા માંગ કરી

### રૂપાલાનાં વાણી–વિલાસથી ક્ષત્રિયની ગરીમાને ઠેસ પહોંચી

અમરેલી, તા. ૨

રાજય સભાના પૂર્વ કેન્દ્રીયમંત્રી પુરુષોતમભાઈ રૂપાલાએ તાજેતરમાં રાજકોટ મુકામે પોતાના ચૂંટણી પ્રચાર દરમિયાન ખાસ સમાજનાં સંબોધનમાં ક્ષત્રિય સમાજ વિશે તથ્ય વિહિન અયોગ્ય ટીકા ટિપ્પણી કરેલ છે. જે સમગ્ર ક્ષત્રિય સમાજ અને નારી શકિતના અપમાન સમાન છે. તેમનાં આવા વાણી વિલાસથી ક્ષાત્રત્વની ગરીમાને ઠેસ પહોંચી છે. જે ઈતિહાસ સાથે પણ સુસંગત નથી.

આ વાણી વિલાસથી ભારતની એકતા અને અંખડિતનાને નૂકસાન કરતાં છે. જ્ઞાતિઓ વચ્ચે વયમનસ્ય પેદા કરીને ખંડનાત્મક પ્રયાસ કરેલ છે.

તેમના આ નિવેદનને સમગ્ર ક્ષત્રિય સમાજ વખોડી કાઢે છે. અને પુરુષોતમભાઈ રૂપાલાની રાજકોટ બેઠકની ઉમેદવારી રદ કરવા માંગણી કરવામાં આવે છે. તેમ અંતમાં જણાવેલ છે.

## અમેરિકા–કેનેડામાં સૂર્યગ્રહણનો અવકાશી નજારો, લોકોમાં જબરી ઉત્કંઠા

અમદાવાદ, તા. ૨

અમેરિકા–કેનેડામાં સૂર્યગ્રહણનો અવકાશી નજારો... લોકોમાં જબરી ઉત્કંઠા

અમદાવાદ : અમેરિકાના ઓહાયો સ્ટેટની લોરેન કાઉન્ટીમાં ૨૦૦ કિલોમીટરના લાંબા પટ્ટામાં ખગ્રાસ સૂર્યગ્રહણ દેખાવનું છે. તા. ૮ મી એપ્રિલનું ગ્રહણ જોવા લોકો એટલા ઉત્સુક છે તે તંત્ર દ્વારા અત્યારથી તૈયારી કરી લીધી છે. લાખો લોકો આવશે તેને કેમ પહોંચવું. લોરેન કાઉન્ટીમાં રોડ ટુ લેન છે તે આખો પટ્ટો વાહનોનો થપો થઈ જશે, અવર જવરમાં મુશ્કેલી ઉભી થવાની છે તેથી ખાદ્ય વસ્તુ રાખી નાના–મોટા સૌ કોઈને તકલીફ ન પડે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. આવી વ્યવસ્થા ઉભી કરવા છતાં અંધાધુંધી ફેલાઈ જાય તો શું કરવું તેની ચિંતા સતાવે છે. અમુકે તો અત્યારથી જગ્યા રોકી દીધી છે એટલો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વર્ષો બાદ આ પ્રકારનું અગાઉ ૧૯૭૯ માં થયું હતું. હવે પછી આ પ્રકારનું ૨૦૪૪ માં જોવા મળવાનું છે. અહીંના મેયરએ ગ્રહણના કારણે આગવી વ્યવસ્થા ઉભી કરી છે. ગ્રહણ જોવા ૧૦ લાખથી વધુ લોકો આવશે તેવો અંદાજ છે. લોકોમાં જબરી ઉત્કંઠા જોવા મળે છે. જાગૃત પ્રજાની ખાસિયત છે. અલૌકિક નજારો જોવા જબરી તૈયારી ગોઠવાઈ ગઈ છે. પૃથ્વી ઉપર સુપર ગ્રહણ ભારતના અમેરિકા કેનેડામાં જોવા મળવાનું છે. વિજ્ઞાન ઉપકરણો જાત જાતના જોવા મળવાના છે. રોમાંચકારી ગ્રહણ ભારતના લોકો જોવાથી વંચિત રહેવાના છે તેનો અફસોસ છે.

વૈજ્ઞાનિકો માનવ કલ્યાણકારી સંશોધનો કરશે જયારે ભારતના જયોતિષીઓ ગ્રહણની અસરોની ખોટી વાતો લોકોના માથા ઉપર મુકશે. સદીઓથી ગ્રહણના નિયમો બનાવી મૂર્ખ બનાવે છે જે માત્ર અજ્ઞાનતાનો લાભ લઈ ઉંધા ચશ્મા પહેરાવી કર્મકાંડ ક્રિયાકાંડો તરફ દોરી જાય છે તેનો જાથાને અફસોસ છે. વિજ્ઞાંને સાબિત કરી દીધું છે કે ગ્રહો કે ગ્રહણ માનવ જીવન ઉપર અસરકર્તા નથી છતાં ભારતમાં તિકકડમ ચાલે છે. સરકાર જ વિજ્ઞાન અભિગમ દ્રષ્ટિકોણ બતાવે તો જ લોકોમાં સાચી દ્રષ્ટિ કેળવાય તેવું જાથા માને છે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયા કેનેડામાં ૮ માસથી વધુ રોકાયને રસપ્રદ માહિતી મેળવી હતતી. વિશ્વનું વિજ્ઞાન મ્યુઝિયમ ટોરેન્ટોમાં જોવા લાયક છે તેમાં ભાગ લીધો છે જે કાયમી સંભારણું સાબિત થયું તેનો લાભ જાથાના કાર્યક્રમમાં આપવામાં આવે છે. જાથાને તમામ લોકો ચાહે છે. દેશની પ્રગતિ કરવી હોય તો વિજ્ઞાનને અપનાવો. માનવને વિજ્ઞાન વિના માનવ એક ક્ષણ ચાલી શકાતું નથી તે વાસ્તવિકતા છે.

આધ્યાત્મિકતા, સંસ્કૃતિના ગાવણા ગાવાથી દેશ પ્રગતિ કરી ન શકે તેનો સ્વીકાર આજે નહિં તો કાલે સ્વીકારવો પડશે. જાથા દેશભરમાં ગ્રહણની સમજથી લોકચળવળ ઉભી કરવાનું છે. વિજ્ઞાનથી માનવ સુખી સંપન્ન થયો છે તે તો સ્વીકારવું પડશે. વિશ્વભરમાં ગ્રહણનું જબરું કુતુહલ જોવા મળે છે. જાથા આ રોમાંચકારી ગ્રહણ ટી.વી. ઉપર નિહાળવા દેશવાસીઓને અપીલ કરે છે.

## દામનગર શહેરમાં આખલાઓ ઘટયા નથી



દામનગર, તા. ૨

આંખલાઓ અને બિન માલિકીના પશુઓથી લોકો ત્રાહિમામ છે ને સબ સલામતનાં ડંકા વાગે છે, ભાઈઓ – બહેનોને ઘરની બહાર વિચારીને નીકળવું પડે તો છે, પણ બજારોમાં મોત ફરતું હોય છે, આખલા અને રેઢીયાળ પશુઓ ક્યારે કોની ઉપર હુમલો કરે તે નક્કી નથી હોતું આ તસ્વીર છે દામનગર શહેરમાં ગાયત્રી મંદિર પાસે હાઈવે ઉપરની, માત્ર ચિંતા હોય છે વાહન ચાલકો અને રાહદારીઓને બાકી બીજું બધું સલામત છે.

## લીલીયા મોટા ખાતે ક્રેડિટ કો.ની મુલાકાત લેતા લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા

લીલીયા મોટા, તા. ૨

લીલીયા મોટા ખાતે આજરોજ આવેલ ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટીની શુભેચ્છા મુલાકાત અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા દ્વારા લેવાઈ લીલીયાના લોકા ગામે માતાજીના દર્શનાર્થે ગયેલ હોય ત્યારે ઓચિંતી લીલીયા ક્રેડિટ બેંક તેમજ મધ્ય સહકારી બેંકની મુલાકાત લીધી અને ત્યાં ઉપસ્થિત મિત્રો વડીલોના આશીર્વાદ લીધા જેમાં બેંકના એમ.ડી. મગનભાઈ વિરાણી તેમજ જિલ્લા મધ્ય સહકારી બેંકના વાઈચ ચેરમેન અરૂણભાઈ પટેલ દ્વારા ભરતભાઈ સુતરીયાનું સ્વાગત કરવામાં આવેલ આ તકે બાબુભાઈ ધામત ધીરૂભાઈ ઉમરેઠિયા માવજીભાઈ લેહરી, મનસુખભાઈ ચોપડા, બટુકભાઈ ધામત, ધનજીભાઈ ધામત, સહિત ના



લોકો દ્વારા ફૂલહાર, છાલ ઓઢાડી પેંડા ખવરાવી એડવાન્સ વિજય ભવ ના આશીર્વાદ અને શુભ કામના પાઠવવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# બાબરા તાલુકા શાળાનાં વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધામાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

મહારાષ્ટ્રની રંગોસ્તવ સેલિબ્રેશન સંસ્થા દ્વારા પ્રાથમિક શાળાના બાળકોમાં ચિત્ર રૂચિ કેળવાય તેવા હેતુ સાથે વિવિધ ચિત્રો તેમન પેન્ટિગની સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. બાબરા તાલુકા શાળામાં ધોરણ ૩ થી ૮ માં અભ્યાસ કરતા ૬ જેટલા બાળકો દ્વારા આ સંસ્થામાં ભાગ લેવા માટે પસંદગી પામ્યા હતા. જેમાં બાળકોએ ગમતા ચિત્રો અને પેન્ટિંગ દોરી નેશનલ અને ત્યારબાદ આંતરરાષ્ટ્રીય સ્તરે પસંદગી થઈ હતી. જેમાં શાળાના ધોરણ ૮માં અભ્યાસ કરતા વિધાર્થી ભોજો બાંભવાએ આંતરરાષ્ટ્રીય સ્તરે તૃતીય સ્થાન મેળવી મેડલ તેમજ સ્માર્ટ વોચ અને સર્ટિફિકેટ મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. તેમજ રંગોત્સવ સેલિબ્રેશન સંસ્થા દ્વારા વિધાર્થીઓને ચિત્રોમાં માર્ગદર્શન પુરૂ પાડનાર તૃપ્તિબેન ગોંડલીયા તેમજ શાળાના આચાર્યને શિલ્ડ અને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. તાલુકા શાળાના આચાર્ય દક્ષાબેન સરવાળીયાએ ગૌરવ અને ખુશીની લાગણી સાથે જણાવ્યું હતું કે શાળાનો વિદ્યાર્થી શિક્ષણની સાથે અન્ય રચનાત્મક પ્રવૃત્તિમાં આગળ વધે તેવા હેતુ સાથે બાળકોને અહીં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. શાળાનો બાળક આંતરરાષ્ટ્રીય સ્તરે ઈનામ પ્રાપ્ત કરી ગૌરવ વધારતા શાળાનું પણ ગૌરવ વધ્યું છે.

## લોકસભા વિસ્તારનાં ૮૦૦ ગામો અને ૧૩ શહેરોનાં પ્રવાસનો પ્રારંભ

# જય નાગનાથ, જયશ્રી રામ : કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરે લીધા આશીર્વાદ

**હરિફ પક્ષનાં ઉમેદવારની પસંદગીમાં ભાજપે કાચુ કાપતાં કોંગી ઉમેદવારનાં ઉત્સાહમાં જબ્બરો વધારો**

**હરિફ પક્ષનાં અનેક આગેવાનોમાં નિરાશાનો માહોલ જોવા મળતાં કોંગી આગેવાનો ગેલમા**

**ભાજપ સરકાર ૧૦ વર્ષમાં જિલ્લાનો વિકાસ કરવામાં નિષ્ફળ રહેતા મતદારોમાં પણ કોંગ્રેસ તરફી માહોલ**

**કોંગ્રેસ પક્ષને સત્તાવિહીન કરનાર જુથબંધી અને વધુ પડતો આત્મ સંતોષ આજે ભાજપમાં**



અમરેલી, તા. ૨

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી આગામી ૭ મેનાં રોજ યોજાઈ રહી હોય આજે કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરે તેમનાં ટેકેદારો સાથે શહેરનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિર, રામજી મંદિર અને નાગદેવતાનાં મંદિરમાં પૂજા, અર્ચના કરીને અસત્ય સામે સત્યની લડાઈમાં આશીર્વાદ, પ્રેરણા અને હિંમત આપવા ભગવાન શિવ, ભગવાન શ્રી રામનાં આશીર્વાદ લીધા હતા અને બાદમાં લોકસભા વિસ્તારનાં ૮૦૦ ગામો અને ૧૩ જેટલા શહેરોમાં પ્રચારનો ઉત્સાહભેર અને વિજેતા થવાનાં સંકલ્પ સાથે પ્રારંભ કર્યો હતો.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, ભાજપે અતિ આત્મવિશ્વાસમાં ઉમેદવારની પસંદગીમાં કાચુ કાપતાં ભાજપનાં અનેક દિગ્ગજ આગેવાનો નારાજ બન્યા છે તેમજ ભાજપ સરકારનાં ૧૦ વર્ષનાં શાસનમાં સંસદિય મત વિસ્તારમાં મહત્વનાં કોઈ વિકાસ કાર્યો થયા નથી ઉલ્ટાનું મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, અસામાજિક પ્રવૃત્તિઓ વધતાં મતદારોમાં ભાજપ સરકાર સાથે નારાજગી જોવા મળે છે અને ભાજપમાં જુથબંધીનું વરવું પ્રદર્શન ૩ દિવસ પહેલા મતદારોએ નિહાળેલ હોય કોંગ્રેસ પક્ષમાં એકતાનો માહોલ અને મતદારોમાં કોંગ્રેસ તરફી માહોલ જોવા મળતો હોવાથી કોંગી ઉમેદવાર જેનીબેન ઠુંમરનો વિજેતા થવાનો જબ્બરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.





ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦





## ફલાઈંગ સ્કોડની વર્તણુક અને જપ્ત કરેલી રોકડ સામે અપીલ સહિતની રજુઆતો માટે જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિનો સંપર્ક કરવા અનુરોધ

**જિલ્લાનાં માર્ગો પરની ચેકપોસ્ટ પર સ્થાયી ટુકડી કાર્યરત રહેશે**

અમરેલી, તા. ૨

એપ્રિલ,૨૦૨૪ (મંગળવાર) લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અન્વયે આદર્શ આચાર સંહિતા ભંગ અને તેને લગતી ફરિયાદો, ધાક- ધમકી, અસામાજિકતત્વો, દારૂ, શસ્ત્ર, દારૂગોળા તેમજ મતદારોને લાંચ આપવાના હેતુસર મોટી રકમની હેરફેર વગેરે તમામ તપાસ માટે અમરેલી જિલ્લામાં ચૂંટણી જાહેરાતની તારીખ તા. ૧૬/૩/૨૦૨૪થી ફલાઈંગ સ્કવોડ કાર્યરત કરવામાં આવી છે. ચૂંટણીના જાહેરનામાની તા.૧૨/૪/૨૦૨૪ થી જિલ્લાના માર્ગો પરની ચેકપોસ્ટ પર સ્થાયી દેખરેખ ટુકડી પણ કાર્યરત થશે.

ફલાઈંગ સ્કવોડ અથવા સ્થાયી દેખરેખ ટુકડીની વર્તણૂક વિશે કોઈ ફરિયાદ હોય, તો ગેરવર્તણુક કે હેરાનગતિની ફરિયાદ નિવારણ માટે તથા જપ્તી સામેની અપીલ કરવા અને જપ્ત કરેલ રોકડ છૂટી કરવા માટે અમરેલી જિલ્લામાં જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે. જે સમિતિના કન્વીનર તરીકે ચૂંટણી ખર્ચ નોડલ ઓફીસર અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીની નિમણુક કરવામાં આવી છે. તેમના મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૬૨૨૭ છે. જપ્તી તથા ફરિયાદના ઉક્ત કિસ્સાઓમાં જાહેર જનતા સમિતિના કન્વીનરનો રૂબરૂ કે ટેલિફોનિક સંપર્ક કરી શકશે, તેમ ચૂંટણી ખર્ચ નોડલ ઓફીસર અને અમરેલી જિલ્લા વિકાસ અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે.













### ત્રીજી ટર્મમાં ભ્રષ્ટાચારીઓ પર વધુ આકરા પ્રહારો

# મફત વીજળીની યોજના અંગે ઉત્તરાખંડને વડાપ્રધાનનું વચન

## સરકારે દેશને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવાનું વચન આપ્યું છે જ્યારે દેશનો વિકાસ થશે, ત્યારે ઉત્તરાખંડના લોકોના જીવનમાં પણ મોટો સુધારો થશે.

ઉત્તરાખંડ,તા.૨

લોકસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઉત્તરાખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે પ્રથમ ચૂંટણી રેલી યોજાઈ હતી. આ દરમિયાન તેમણે ભ્રષ્ટાચારને લઈને વિરોધ પક્ષો પર જોરદાર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર વિરુદ્ધ કાર્યવાહી ચાલુ રહેશે. ઉત્તરાખંડમાં આગામી ૧૯ એપ્રિલે પ્રથમ તબક્કામાં મતદાન યોજાવાનું છે. જંગી ભીડ એકઠી થયેલી જોઈને વડાપ્રધાન મોદીએ પહેલા પૂછ્યું કે આ જાહેરસભા છે કે વિજય સભા. લોકોમાં ઉત્સાહ જોઈને વડાપ્રધાને કહ્યું કે દેવભૂમિનું આ વરદાન અદ્ભુત છે. હું આ આશીર્વાદ માટે તમારા સૌનો હૃદયપૂર્વક આભારી છું.વડાપ્રધાન મોદીએ કહ્યું કે આપણે કોઈપણ ભોગે ઉત્તરાખંડને વિકસિત રાજ્ય બનાવવું છે. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકાર આ માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે ઉત્તરાખંડમાં જે ઝડપે વિકાસ થઈ રહ્યો છે તે આઝાદી પછી ક્યારેય થયો નથી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે ધામી સરકાર દરેક ક્ષેત્રમાં વિકાસ કાર્યોને આગળ લઈ જઈ રહી છે. આ સાથે વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું છે. તેમણે રાહુલ ગાંધીના ઉશ્કેરણીજનક નિવેદન પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે આવા નિવેદન દેશમાં વાતાવરણ બગાડે છે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે દેશના દરેક ક્ષેત્રમાં વિકાસના ઘણા કામો થઈ રહ્યા છે કારણ કે અમારી સરકારના ઈરાદા સાચા છે. આ સાથે તેણે એમ પણ કહ્યું કે જો ઈરાદા સાચા હોય તો પરિણામ પણ સાચા અને સારા જ હોય છે. આ સાથે વડાપ્રધાન મોદીએ એમ પણ કહ્યું કે અમારી સરકારે દેશને વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થા બનાવવાનું વચન આપ્યું છે. જ્યારે દેશનો વિકાસ થશે, ત્યારે ઉત્તરાખંડના લોકોના જીવનમાં પણ મોટો સુધારો થશે. પીએમ મોદીએ કહ્યું કે, અમારી પાર્ટીની સરકારે ઉત્તરાખંડના દરેક ઘરમાં લોકોને સ્વાભિમાન સાથે જીવવાનો અધિકાર આપ્યો છે. આ સાથે તેમણે એમ પણ કહ્યું કે હવે અમે ઉત્તરાખંડના લોકોને મફત વીજળી પૂરી પાડવાની યોજનાની મદદ આપવા જઈ રહ્યા છીએ. આનાથી લોકોના ઘરોમાં શૂન્ય વીજળી બિલ આવશે અને લોકો માટે આવક પણ થશે. વીજળી આજીવિકાનો આધાર બનશે.આ સાથે તેમણે એમ પણ કહ્યું કે ખેડૂતો અને મહિલા સ્વ-સહાય જૂથોને ડ્રોન યોજના સાથે જોડવામાં આવી રહ્યા છે. ઉત્તરાખંડની બહેનોને આનો ઘણો ફાયદો થશે. તેમણે જનસભામાં ઉપસ્થિત લોકોને કહ્યું કે તમારું સ્વપ્ન અમારી સરકારનો સંકલ્પ છે. આને પરિપૂર્ણ કરવું એ આપણી ફરજ છે.સરહદી રાજ્ય ઉત્તરાખંડમાં જાહેરસભાને સંબોધતા વડાપ્રધાન મોદીએ કચથીવુ ટાપુને લઈને ફરી એકવાર કોંગ્રેસની પૂર્વ સરકાર પર નિશાન સાધ્યું છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે આ ભાજપની સરકાર છે. દેશની સરહદોનું રક્ષણ કરવું એ આપણી ફરજ છે. આ સાથે વડાપ્રધાન મોદીએ ભ્રષ્ટાચારને લઈને વિપક્ષો પર પણ જોરદાર પ્રહારો કર્યા છે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે અમે કહીએ છીએ ભ્રષ્ટાચાર દૂર કરો, પરંતુ અમારા વિરોધીઓ કહે છે ભ્રષ્ટાચારીઓને બચાવો.અહીં વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કહ્યું કે ભ્રષ્ટાચારીઓને કોઈ પણ સંજોગોમાં બક્ષવામાં આવશે નહીં, તેમણે કહ્યું કે ત્રીજા કાર્યકાળમાં ભ્રષ્ટાચારીઓ પર વધુ હુમલો થશે, આ મોદીની ગેરંટી છે.

### ભાજપ કચ્ચાતિવુ ટાપુને લઈને ખુબ આક્રમક તેવરમા

# કચ્ચાતિવુ ટાપુના મુદ્દાને કેમ ચગવી રહ્યો છે ભાજપ?

## રાજ્યમાં હાલ જેની સરકાર છે તે ડીએમકે ગઠબંધન, એનડીએ અને AIADMK વચ્ચે ત્રિકોણીય જંગ આ વખતે ચૂંટણીમાં જોવા મળી શકે છે

તમિલનાડુ,તા.૨

લોકસભા ચૂંટણીમાં ૪૦૦ પારના ભાજપના લક્ષ્યાંકમાં તમિલનાડુનું જે ગણિત છે તે પાર્ટી સામે જે મોટા પડકારો છે તેમાંનો એક ગણી શકાય. હાલ ભાજપ કચ્ચાતિવુ ટાપુને લઈને ખુબ આક્રમક તેવરમાં જોવા મળી રહ્યો છે. લાગે છે કે આ મુદ્દો ચૂંટણી પ્રચારમાં છવાયેલો રહેશે. તમિલનાડુમાં લગભગ ૧૦૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો છે. જેની આજુબાજુ ૬૦૦ જેટલા ગામડા એવા છે જ્યાં માછીમારો વસેલા છે. આ દરિયાકિનારે લગભગ ૧૦ લાખ જેટલા માછીમારો રહે છે. તમને પણ એમ થતું હશે કે આખરે ભાજપ આ ટાપુનો મુદ્દો હાલ કેમ આટલો ચગવી રહ્યો છે. જાણકારો કહે છે કે માછીમારોનો સમુદાય અનેક વિધાનસભા વિસ્તારો અને લોકસભા મતવિસ્તારોમાં અસર ધરાવે છે. તેમના મતથી ચૂંટણીનું પરિણામ નિર્ણાયક સ્તરે પહોંચી શકે છે. રાજ્યમાં હાલ જેની સરકાર છે તે ડીએમકે ગઠબંધન, એનડીએ અને AIADMK વચ્ચે ત્રિકોણીય જંગ આ વખતે ચૂંટણીમાં જોવા મળી શકે છે. ડીએમકે તરફથી સતત કેન્દ્રની મોદી સરકાર સામે માછીમારોની ઉપેક્ષાનો મુદ્દો ઉઠાવવામાં આવી રહ્યો છે. પાર્ટી નેતા આરોપ લગાવે છે કે મોદી સરકાર શ્રીલંકાને નાણાકીય મદદ આપે છે જ્યારે શ્રીલંકા ખોટા આરોપો લગાવીને ભારતીય માછીમારોને પકડી લે છે. વિદેશ મંત્રી એસ જયશંકરે સોમવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ૨૦ વર્ષમાં શ્રીલંકાએ ૬૧૮૪ ભારતીય માછીમારોને પકડ્યા અને તે દરમિયાન ૧૧૭૫ ભારતીય માછલી પકડવામાં ઉપયોગમાં લેવાતી હોડીઓ જપ્ત કરી. આ મુદ્દો લોકલ લેવલે ગરમ રહેશે કારણ કે કરાઈકલમાં માછીમારોએ શ્રીલંકન સેના તરફથી ધરપકડ કરાયેલા માછીમારોના છૂટકારાની માગણીને લઈને ૪ એપ્રિલથી અનિશ્ચિતકાળ હડતાળ પર જવાનું અને લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની જાહેરાત કરી છે. લોકોની ફરિયાદ છે કે ૨૦૧૪માં નેતા સુષમા સ્વરાજ તરફથી રામેશ્વરમમાં પાર્ટીના પ્રચાર દરમિયાન શ્રીલંકન વિવાદને ઉકેલવાનું વચન અપાયું હતું. જો કે સત્તામાં આવ્યા બાદ સુષમા સ્વરાજે વિદેશ મંત્રાલય સંભાળ્યું હતું પરંતુ સ્થિતિ તો જેમ હતી તેમ જ છે. બીજી બાજુ રાજકીય વિશ્લેષક શેખર ઐય્યરનું કહેવું છે કે ચૂંટણીને લઈને ભાજપને પોતાના વચનો છે. તેઓ કહે છે કે માછીમારોની ખુબ સમસ્યા છે. તેમની પાસે નાની બોટ અને મોટર હતી જેથી કરીને તેઓ સમુદ્રના ઊંડા પાણીમાં જઈ શકતા નહતા. મેરીટાઈમ ટેરેટરી બહુ સ્પષ્ટન હોવાના કારણે શ્રીલંકા કહેતું રહે છે કે તેઓ તેમની હદમાં આવી ગયા છે. આ સાથે જ ફિશિંગ કરવાની પણ ટેક્નિકલ ક્ષમતા નહતી. કેન્દ્રની ભાજપ સરકાર દાવો કરે છે કે તેમણે બ્લૂ ઈકોનોમી કોન્સેપ્ટ દ્વારા માછીમારોની સ્થિતિ સુધારવાની કોશિશ કરી છે. જો કે સવાલ ૨૦૨૦માં સામે આવેલી રાષ્ટ્રીય મત્સ્ય પાલન નીતિને લઈને રહ્યો છે. આ સમુદાય સાથે જોડાયેલો એક વર્ગ આ નીતિ દ્વારા કોર્પોરેટનો પક્ષ લેવાનો પણ આરોપ લગાવતો રહ્યો છે. અત્રે જણાવવાનું કે ભારત અને શ્રીલંકા વચ્ચે આવતા કચ્ચાતિવુ ટાપુ અંગે રાજકારણ ગરમાયું છે. પીએમ મોદીએ રવિવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ શેર કરીને લખ્યું હતું કે કોંગ્રેસે જાણી જોઈને કચ્ચાતિવુ ટાપુ શ્રીલંકાને આપી દીધો. જેને લઈને ભારતીયોમાં ગુસ્સો છે અને તેનાથી એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે કોંગ્રેસ પર ભરોસો કરી શકાય નહીં.` તમિલનાડુ ભાજપ અધ્યક્ષ કે અન્નામલાઈએ એક આરટીઆઈ દાખલ કરી હતી જેના જવાબમાં જાણવા મળ્યું કે ૧૯૭૪માં તત્કાલિન પીએમ ઈન્દિરા ગાંધી સરકાર અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ શ્રીમાવો ભંડારનાયકે વચ્ચે એક સંધિ થઈ હતી. જે હેઠળ ભારતે કચ્ચાતિવુ ટાપુ શ્રીલંકાને સોંપ્યો હતો. પીએમ મોદીની પોસ્ટ બાદ આ મુદ્દો ગરમાયો છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે દાવો કર્યો કે સંધિ હેઠળ શ્રીલંકાથી ૬ લાખ તમિલોનો ભારત પાછા લાવી શકાયા હતા. કચ્ચાતિવુ તમિલનાડુના રામેશ્વરથી ૨૫ કિમી ઉત્તર પશ્ચિમમાં આવેલો એક ટાપુ છે. ૧૯૭૪ની સંધિ બાદ આ ટાપુ શ્રીલંકા પાસે ગયો. આ સંધિએ બંને દેશો વચ્ચે જળસીમા પણ નક્કી કરી હતી. હાલ અધિકૃત રીતે ભારત અને શ્રીલંકા વચ્ચે કોઈ સરહદ વિવાદ નથી. પરંતુ આમ છતાં આ ટાપુ કેવી રીતે બંને દેશો વચ્ચે અડચણ બનેલો છે. આ ટાપુ બંગાળની ખાડીને અરબ સાગર સાથે જોડે છે. જે ૨૮૫ એકરમાં ફેલાયેલો છે. જો તેના એરિયાની સરખામણી કરીએ તો તે દિલ્હીનું જેએનયુ કેમ્પસ તેનાથી લગભગ સાડા ત્રણ ગણું મોટું હશે. જ્યારે લાલ કિલ્લાથી થોડોક જ નાનો હશે.

### ભારત અને પાકિસ્તાનના સબંધોનો પોતાનો એક ઈતિહાસ છે

# લોકસભા ચૂંટણી બાદ ભારત સાથેના સબંધો સુધરવાની આશા : પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી

## આ સંજોગોમાં અમે તમામ પક્ષો સાથે વાતચીત કરીને ભારત સાથે વેપાર શરૂ કરવા માટે વિચારણા કરીશું

ઈસ્લામાબાદ,તા.૨

પાકિસ્તાની રક્ષા મંત્રી ખ્વાજા આસિફે લોકસભા ચૂંટણી બાદ ભારત સાથેના સબંધો સુધરશે તેવી આશા વ્યક્ત કરી છે.ઈસ્લામાબાદ સંસદ ભવનની બહાર ખ્વાજા આસિફે ઉપરોક્ત નિવેદન આપતા કહ્યુ હતુ કે, ભારત અને પાકિસ્તાનના સબંધોનો પોતાનો એક ઈતિહાસ છે અને લોકસભા ચૂંટણી બાદ બંને દેશોના સબંધોમાં સુધારો જોવા મળશે તેવી અમને આશા છે. આસિફે અફઘાનિસ્તાન સાથેના સબંધો અંગે પણ કહ્યુ હતુ કે, પાકિસ્તાન પ્રત્યે અફઘાનિસ્તાનની સરકારના વલણમાં જોવા મળી રહેલા ઉતાર ચઢાવના કારણે પાડોશી દેશ માટે અમારી પાસેના વિકલ્પો ઘટી રહ્યા છે. પાકિસ્તાને હંમેશા અફઘાનિસ્તાનનો સાથ આપ્યો છે અને તેમના માટે પાકિસ્તાન યુધ્ધ પણ લડ્યુ છે. આમ છતા પાકિસ્તાન પર આતંકવાદી હુમલો કરી રહેલા સંગઠનોને અફઘાનિસ્તાનની ધરતી પર આશ્રય મળી રહ્યો છે. અમે તાલિબાન સરકારને મળીને આતંકવાદને રોકવા માટે પ્રભાવશાળી કાર્યવાહી કરવા માટે પણ અનુરોધ કર્યો છે. જોકે અફઘાનિસ્તાન જે પ્રકારનો પ્રસ્તાવ મુકી રહ્યુ છે તેનો અમલ વ્યવહારુ રીતે શક્ય નથી.પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીનુ ભારત માટેનુ નિવેદન અણધાર્યુ છે. આ પહેલા પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે પણ સ્વીકાર્યુ હતુ કે, પાકિસ્તાનમાં ત્રીજા દેશો થકી ભારતીય વસ્તુઓની આયાત કરવામાં આવી રહી છે અને તેની અમારે વધારે કિંમત ચુકવવી પડી રહી છે. આ સંજોગોમાં અમે તમામ પક્ષો સાથે વાતચીત કરીને ભારત સાથે વેપાર શરૂ કરવા માટે વિચારણા કરીશું.

### કોંગ્રેસ નેતાઓની ચૂંટણી લડવામાં પીછેહઠ

# રાજસ્થાનમાં CM ભજનલાલ શર્માનો દાવો ‘ભાજપ જ જીતશે

## એક જાહેર સભામાં શર્માએ સતત ત્રીજી વખત રાજ્યની તમામ બેઠકો પર ભાજપની જીતનો દાવો કર્યો છે ભાજપ નિશ્ચિત જીતનો દાવો કરી રહ્યું છે

રાજસ્થાન,તા.૨, રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્મા દાવા સાથે કહ્યું કે આ ચૂંટણીમાં ભાજપની જ જીત થશે. એક જાહેર સભામાં શર્માએ સતત ત્રીજી વખત રાજ્યની તમામ બેઠકો પર ભાજપની જીતનો દાવો કર્યો છે. ભાજપ નિશ્ચિત જીતનો દાવો કરી રહ્યુંછે ત્યારે રાજસ્થાનમાં લોકસભાની ચૂંટણી લડવા માટે કોંગ્રેસના નેતાઓની અનિચ્છા સતત સામે આવી રહી છે. કોંગ્રેસ તમામ ૨૫ સીટો પર ઉમેદવારો જાહેર કરવામાં વધુ સમય થઈ રહ્યો છે. ચૂંટણી લડવામાં કોંગ્રેસના ઉમેદવારો પીછેહઠ કરી રહ્યા છે. ઉમેદવારોની અનિચ્છાને લઈને કહેવાય છે કે ૨૦૧૪ અને ૨૦૧૯માં રાજ્યની તમામ ૨૫ લોકસભા બેઠકો પર કોંગ્રેસની મળેલ કારમી હાર બાદ રાજ્યના વરિષ્ઠ નેતાઓ ચૂંટણી લડવાનું ટાળી રહ્યા છે.

દેશમાં ૧૮મી લોકસભાની ચૂંટણીની જોરદાર તૈયારીઓ ચાલુ થઈ ગઈ છે. તમામ પક્ષો પોતાની જીત સુનિશ્ચિત કરવા પ્રચારમાં વ્યસ્ત છે. મધ્યપ્રદેશમાં પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહ અને છત્તીસગઢમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ જેવા દિગ્ગજ નેતાઓ કોંગ્રેસ પાર્ટી તરફથી ચૂંટણી લડી રહ્યા છે, પરંતુ રાજસ્થાનમાંથી કોઈ વરિષ્ઠ નેતા ચૂંટણી લડ્યા નથી.કોંગ્રેસ હાઈકમાન્ડની ઈચ્છા છતાં પૂર્વ સીએમ અશોક ગેહલોત, કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ સચિન પાયલોટ, જીતેન્દ્ર સિંહ અને પ્રદેશ અધ્યક્ષ ગોવિંદ સિંહ દોતાસરાએ ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો છે. ગેહલોતે જાલોર-સિરોહી બેઠક પરથી તેમના પુત્ર વૈભવ ગેહલોતને ટિકિટ આપી છે. છેલ્લી બે ચૂંટણીમાં મળેલી હાર બાદ કોંગ્રેસના નેતાઓમાં અજાણ્યાનો ભય જોવા મળી રહ્યો છે. આ જ કારણ છે કે ટિકિટ જાહેર થયા બાદ એક ઉમેદવારે ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો હતો અને બે ઉમેદવારોએ જાહેરમાં કહ્યું હતું કે તેઓ ચૂંટણી લડવા માંગતા નથી, પરંતુ પક્ષ સંકટમાં છે અને ઉપરથી દબાણને કારણે તેઓ મેદાનમાં ઉતર્યા છે. પક્ષના નેતાઓએ ચૂંટણી લડવાની અનિચ્છા દર્શાવ્યા પછી, કોંગ્રેસ નેતૃત્વને નાગૌર બેઠક પર રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) અને સીકરમાં CPI(M) સાથે સમાધાન કરવાની ફરજ પડી હતી.કોંગ્રેસના વરિષ્ઠ નેતા મહેન્દ્ર માલવિયા બાંસવાડા-ડુંગરપુર બેઠક પર ભાજપમાં જોડાયા ત્યારે હવે પાર્ટી નેતૃત્વ ભારત આદિવાસી પાર્ટી (BAP) સાથે સમાધાન કરવા માંગે છે. કોંગ્રેસે પૂર્વ ધારાસભ્ય સુદર્શન સિંહ રાવતને રાજસમંદ સીટ માટે પોતાના ઉમેદવાર જાહેર કર્યા હતા. ટિકિટ ફાઈનલ થયા બાદ રાવત એક અઠવાડિયા માટે અજાણ્યા સ્થળે ગયા હતા. કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી તેમને શોધતી રહી, પરંતુ તેઓ મળી શક્યા નહીં. આખરે ત્રણ દિવસ પહેલા તેઓ સામે આવ્યા અને ચૂંટણી લડવાનો ઈન્કાર કરી દીધો.મજબૂરીમાં, ભીલવાડામાં જાહેર કરાયેલા ઉમેદવાર દામોદર ગુર્જરને રાજસમંદ બેઠક પર ખસેડવામાં આવ્યા હતા. ભીલવાડામાં પૂર્વ વિધાનસભા સ્પીકર સીપી જોશીને ટિકિટ આપવામાં આવી છે. જોશી ચૂંટણી લડવા માંગતા ન હતા, પરંતુ હાઈકમાન્ડના દબાણ બાદ તેઓ મેદાનમાં ઉતર્યા છે. ઝુનઝુનુ સીટના કોંગ્રેસના ઉમેદવાર બ્રિજેન્દ્ર ઓલાએ એક મીટીંગમાં કહ્યું, “હું ચૂંટણી લડવા માંગતો ન હતો, પરંતુ મોટા નેતાઓએ કહ્યું કે પાર્ટી મુશ્કેલીમાં છે.” તેથી જ હું ચૂંટણી લડી રહ્યો છું.

અગાઉ, જયપુર શહેરમાં જાહેર કરાયેલા ઉમેદવાર સુનીલ શર્મા જયપુર ડાયલોગ્સ કાર્યક્રમમાં કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી અંગેની તેમની વિવાદાસ્પદ ટિપ્પણીને કારણે ચર્ચામાં આવ્યા હતા અને તેમની ટિકિટ બદલવામાં આવી હતી. સુનીલની જગ્યાએ પૂર્વ મંત્રી પ્રતાપ સિંહ ખાચરિયાવાસને ટિકિટ આપવામાં આવી છે. ખાચરીયાવાસે કહ્યું, “ભાજપ જયપુરમાં મજબૂત છે. હું ચૂંટણી લડવા માંગતો ન હતો, પરંતુ પાર્ટીના આદેશથી લડી રહ્યો છું. બાડમેર-જેસલમેર બેઠક પર, કોંગ્રેસ નેતૃત્વ વરિષ્ઠ નેતાઓ હેમારામ ચૌધરી અને હરીશ ચૌધરીને ટિકિટ આપવા માંગતું હતું, પરંતુ જ્યારે બંનેએ ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો, ત્યારે આરએલપીના ઉમેદરામને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા.

### અનંત અંબાણીના પ્રી- વેડિંગમાં થઈ ડીલ

# માર્ક ઝુકરબર્ગ રિલાયન્સના કેમ્પસમાં ખોલશે ભારતમાં પહેલું Meta ડેટા સેન્ટર

## ઝુકરબર્ગની આગેવાની હેઠળ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા ભારતમાં તેનું પહેલું ડેટા સેન્ટર ચેન્નાઈના રિલાયન્સ કેમ્પસમાં ખોલી શકે છે

જામનગર,તા.૨,તાજેતરમાં ગુજરાતનું જામનગર સમગ્ર વિશ્વમાં ચર્ચાઈ રહ્યું હતું. એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ઈવેન્ટમાં હાજરી આપવા માટે ભારત અને વિદેશની જાણીતી હસ્તીઓ એકત્ર થઈ હતી. જેમાં બિલ ગેટ્સથી લઈને માર્ક ઝુકરબર્ગ સુધીના દરેકનો સમાવેશ થતો હતો. અહીંની મીટિંગ પછી હવે એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઝુકરબર્ગની આગેવાની હેઠળ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા ભારતમાં તેનું પહેલું ડેટા સેન્ટર ચેન્નાઈના રિલાયન્સ કેમ્પસમાં ખોલી શકે છે. રિપોર્ટ અનુસાર, Facebook, Instagram અને WhatsAppની પેરેન્ટ કંપની માર્ક ઝકરબર્ગની મેટા, ચેન્નાઈ, તમિલનાડુમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે ભારતમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપી રહી છે. કેમ્પસમાં ઈન્સ્ટોલ કરી શકાય છે. આ નિર્ણય બંને કંપનીઓ વચ્ચે ચર્ચા બાદ લેવામાં આવ્યો છે અને આ પગલું મેટા માટે ભારતીય બજારના મહત્વને દર્શાવે છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ચેન્નાઈમાં ડેટા સેન્ટર સ્થાપવાનો નિર્ણય તાજેતરના એક કાર્યક્રમમાં યોજાયેલી ચર્ચા બાદ લેવામાં આવ્યો છે.રિલાયન્સનું ચેન્નાઈ કેમ્પસ બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ડિજિટલ રિયલ્ટીનું સંયુક્ત કેમ્પસ છે. જે ૧૦ એકરમાં ફેલાયેલું છે અને ૧૦૦-MW IT લોડ ક્ષમતાને ટેકો આપવા માટે રચાયેલ છે.જામનગરમાં ૧ થી ૩ માર્ચ દરમિયાન અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં હાજરી આપવા માટે માર્ક ઝુકરબર્ગ તેમની પત્ની સાથે પહોંચ્યા હતા. અહીં ઝુકરબર્ગ સંપૂર્ણપણે ભારતીય રંગના પોશાક પહેરેલા જોવા મળ્યા હતા અને તેમણે તેમના રોકાણ દરમિયાન અંબાણીના વંતરાની મુલાકાત પણ લીધી હતી.જોકે મેટાના રોકાણ અંગે કોઈ માહિતી શેર કરવામાં આવી નથી, માર્ચની શરૂઆતમાં એક અહેવાલ અનુસાર, કંપની એક નાનું ડેટા સેન્ટર સ્થાપવાનું મૂલ્યાંકન કરી રહી છે. જે ૧૦-૨૦ મેગાવોટનું હોઈ શકે છે. એવો અંદાજ હતો કે મેટા ભારતમાં આ ક્ષમતાનું તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપવા માટે રૂ. ૫૦૦થી રૂ. ૧,૨૦૦ કરોડનું રોકાણ કરી શકે છે. ભારતમાં મેટાનો યુઝર બેઝ તેના યુએસ યુઝર બેઝ કરતા નોંધપાત્ર રીતે મોટો છે અને કંપનીએ તેના છેલ્લા ત્રિમાસિક કમાણી કોલ દરમિયાન ભારતમાંથી જાહેરાતની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. નોંધનીય છે કે ફેસબુકના માર્ક ઝુકરબર્ગ વિશ્વના ટોપ-૧૦ અબજોપતિઓની યાદીમાં સામેલ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, તેઓ $૧૭૫ બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના ચોથા સૌથી ધનિક વ્યક્તિ છે.

### ભારત કરતા અલગ પ્રકારના વાતાવરણમાં તેનો ગ્રોથ થશે

# અમેરિકા, કેનેડા, UK સહિતના દેશોમાં ભારતીય સ્ટુડન્ટ્સ માટે કપરો સમય

## વિદેશમાં ભણવાની ફી મોંઘી છે, તેની સાથે રહેવા-જમવાનો ખર્ચ પણ પોસાતો નથી

નવી દિલ્લી,તા.૨

ભારતીય સ્ટુડન્ટ કેનેડા જવાનો વિચાર કરે ત્યારે તેમણે કેનેડા વિશે કેવી કલ્પના કરી હશે? ત્યાં તેઓ સારી કોલેજમાં ભણશે, ભારત કરતા અલગ પ્રકારના વાતાવરણમાં તેનો ગ્રોથ થશે, પાર્ટ ટાઈમ જોબ કરીને સારી એવી કમાણી કરશે અને પછી કેનેડામાં લાઈફ સેટલ થઈ જશે. પરંતુ કેનેડામાં ઘર શોધવાના ફાંફા પડી જાય, જમવાનો ખર્ચ ન પોસાય અને પેટ ભરવા માટે ફૂડ બેક્ની લાઈનમાં ઉભા રહેવું પડે તો કેવું લાગે? ઓન્ટારિયોમાં જરૂરિયાદમંદ લોકો માટે કેટલીક ફૂડ બેક્ર ચાલે છે જેમાં ઘણી વાર સ્ટુડન્ટ પણ જતા હોય છે. તાજેતરમાં આવી એક ફૂડ બેક્ર પર એટલા બધા વિદેશી સ્ટુડન્ટ આવી ગયા કે તેમણે સ્ટુડન્ટને સર્વ કરવાની ના પાડવી પડી હતી. આ ફૂડ બેક્ર ચલાવતી મહિલાએ કહ્યું કે એટલા બધા વિદ્યાર્થીઓ તેની પાસે ભોજન માટે આવે છે કે તેને પહોંચી વળાતું નથી. તેના કારણે તેમણે બધાને પાછા મોકલવા પડે છે. ફૂડ બેક્રની સંચાલકે કહ્યું કે અગાઉ રોજના માંડ એક કે બે સ્ટુડન્ટ મફતમાં જમવા આવતા હતા. ત્યાર પછી સંખ્યા વધીને ત્રણથી ચાર થઈ ગઈ. હવે તો રોજના પાંચથી ૧૦ સ્ટુડન્ટના ગ્રૂપ જમવા આવે છે જેને પહોંચી વળાતું નથી. આવી જ હાલત બીજી ઘણી ફૂડ બેક્ર પર છે. હવે તો ચર્ચમાં પણ સ્ટુડન્ટ જમવા માટે આવે છે અને ત્યાં પણ ભોજનનો સપ્લાય ખતમ થઈ ગયો છે. ભારતીય સ્ટુડન્ટમાં વિદેશ ભણવા જવાનો ટ્રેન્ડ એવો જામી ગયો છે કે દુનિયાની દરેક ટોચની યુનિવર્સિટીઓમાં હવે ભારતીયો જોવા મળે છે. ખાસ કરીને અમેરિકા, કેનેડા, યુકે અને ઓસ્ટ્રેલિયા ભારતીયોમાં ફેવરિટ છે. અમુક દેશોમાં તો એજ્યુકેશન સેક્ટર જ ભારતીય સ્ટુડન્ટ પર આધારિત છે. જોકે, છેલ્લા એક વર્ષમાં સ્થિતિ બદલાઈ રહી છે. ભારતીયો જે સપના જોઈને વિદેશ ગયા હોય તે સાકાર થતા નથી. કેટલીક વખત તો તેમણે કલ્પના પણ ન કરી હોય તેવા ખરાબ અનુભવો થાય છે. ૨૦૧૨થી અત્યાર સુધીમાં વિદેશમાં ભારતીય સ્ટુડન્ટની સંખ્યા આઠ ગણી વધીને લગભગ ૧૫ લાખ થઈ છે. જોકે વિદેશમાં તેમણે જ પ્રોગ્રેસની અપેક્ષા રાખી હતી તે જોવા નથી મળી. ઘણા દેશોમાં ઈમિગ્રેશન વિરોધી પગલાં લેવાઈ રહ્યા છે, રહેવા-જમવાનો ખર્ચ વધી ગયો છે અને ભારતીય સ્ટુડન્ટ્સને તે પરવડતો નથી. મોટા ભાગના ભારતીયો એવું માનીને વિદેશ જાય છે કે ત્યાં થોડા ટાઈમમાં લાઈફ સેટલ થઈ જશે. પરંતુ કેનેડામાં ગયા વર્ષે ઓન્ટારિયોની કેનાડોર કોલેજમાં લગભગ ૧૦૦ ભારતીય સ્ટુડન્ટ હોમલેસ થઈ ગયા હતા કારણ કે તેમને મકાન ભાડે રાખવા પોસાતા ન હતા. તેમણે પોતાની કોલેજની બહાર રસ્તાની સાઈડમાં તંબૂ તાણીને સુવાની ફરજ પડી હતી. કેનેડામાં કોસ્ટ ઓફ લિવિંગ એટલું બધું વધી ગયું છે કે ઘણા વિદ્યાર્થીઓ પરત ઘરે જઈ રહ્યા છે જેમાં ભારતીયો પણ સામેલ છે. આ ઉપરાંત અહીં ઈમિગ્રેશનની સંખ્યા ઘટાડવા પણ પગલાં લેવાય છે. નવા લોકો માટે અહીં આવીને સેટલ થવું એકદમ મુશ્કેલ બની ગયું છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ કહ્યું હતું કે કેનેડામાં લોકો વૃદ્ધ થઈ રહ્યા છે અને જન્મદર નીચો છે, તેને પહોંચી વળવા માટે ઈમિગ્રેશન પર જ આધાર રાખવો પડશે. પરંતુ ઈમિગ્રેશનને ખુલ્લો દોર અપાયો તેનાથી વસતીવધારાનો દર રેકોર્ડ લેવલે પહોંચી ગયો છે. હવે તે ટ્રેન્ડ ધીમે ધીમે રિવર્સ થઈ રહ્યો છે. ઓફિશિયલ ડેટા પ્રમાણે ૨૦૨૩ના પ્રથમ છ મહિનામાં લગભગ ૪૨૦૦૦ લોકો કેનેડા છોડી ગયા હતા. ૨૦૨૨માં ૯૩,૪૦૦ લોકોએ કેનેડા છોડ્યું હતું અને ૨૦૨૧માં ૮૬,૦૦૦ લોકો કેનેડા છોડી ગયા હતા. ઓસ્ટ્રેલિયા અત્યાર સુધી વિદેશી સ્ટુડન્ટ્સને ખુલ્લા મને આવકારતો દેશ હતો, પરંતુ ત્યાં પણ સ્થિતિ બદલાઈ રહી છે. ઓસ્ટ્રેલિયામાં પણ જીવનધોરણનો ખર્ચ બહુ ઉંચો આવે છે, મકાનના ભાડા પોસાય નહીં એટલી હદે વધી ગયા છે અને જે સ્ટુડન્ટ અહીં ભણવા કરતા જોબના ઈરાદાથી આવતા હતા તેમના માટે સ્થિતિ બહુ ટફ છે. એક રિસર્ચ પ્રમાણે ઓસ્ટ્રેલિયામાં શેરિંગ આધારિત રુમ અથવા ડોર્મેટરીના ભાડામાં ૧૫ ટકા વધારો થયો છે. ઓસ્ટ્રેલિયામાં લગભગ ૧.૨૦ લાખ ભારતીય સ્ટુડન્ટ છે અને કુલ ઈન્ટરનેશનલ સ્ટુડન્ટમાં ભારતીયો બીજા સ્થાને છે. ઓસ્ટ્રેલિયા ભણવા આવવું હોય તો હવે તમારે હવે વધારે ડોલરની બચત બતાવવી પડે છે. છેલ્લા એક વર્ષમાં રૂમનું ભાડું સપ્તાહના ૩૩૦ ડોલર સુધી પહોંચી ગયું છે જે બહુ વધારે કહેવાય કારણ કે એક ઓસ્ટ્રેલિયન ડોલર લગભગ ૫૪ રૂપિયાની આસપાસ થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં ઓસ્ટ્રેલિયામાં ૫.૧૦ લાખ નેટ ઈમિગ્રેશન થયું હતું. પરંતુ હવે આ સંખ્યા ઘટાડીને ૨.૫૦ લાખ કરવામાં આવશે. યુકે, ન્યૂઝિલેન્ડ અને અમેરિકામાં પણ વિદેશી સ્ટુડન્ટ માટે હાઉસિંગની આવી જ તકલીફો છે તેમ એજ્યુકેશન સેક્ટરના નિષ્ણાતોનું કહેવું છે. ભારતીય સ્ટુડન્ટમાં ઁદ્ધ પણ ફેવરિટ દેશ રહ્યો છે, પરંતુ અહીં ધીમે ધીમે સ્થિતિ બદલાઈ રહી છે. બ્રેક્ઝિટ પછી UKની ઈકોનોમી પહેલા જેવી મજબૂત નથી રહી. અહીં પણ માઈગ્રન્ટ વિરોધી વાતાવરણ જામી રહ્યું છે. UKની સરકારે તાજેતરમાં વિદેશી સ્ટુડન્ટની સંખ્યા ઘટાડવા માટે ઘણા પગલાં લીધા છે. તેના કારણે અહીં જોબની સંભાવના ઘટી ગઈ છે અને ભારતથી ડિપેન્ડન્ટ કે જીવનસાથીને યુકે લઈ જવાનું પણ મુશ્કેલ બન્યું છે.

### પતંજલિની બોગસ એડવર્ટાઈઝમેન્ટના મામલો

# રામદેવે દવાઓની ભ્રામક જાહેરખબરો અંગે માફી માગી

## રામદેવની કંપનીએ તેનું પાલન ન કરતા અદાલતના તિરસ્કારની કાર્યવાહી થઈ શકે છે

નવી દિલ્લી,તા. ૨

રામદેવે પોતાની કંપની પતંજલિ આયુર્વેદની દવાઓ વિશે જાત જાતના ભ્રામક દાવા કર્યા હતા. બાબાની દવાઓ કેટલી અસરકારક કે કેટલી જોખમી છે તેના કોઈ રિસર્ચ થયા ન હતા અને સીધો દાવો કરી દેવાયો હતો કે તેમની પાસે ગંભીર બીમારીઓના ઈલાજ છે. જોકે, આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો છે, સુપ્રીમ કોર્ટે રામદેવને ફટકાર આપી છે જેના કારણે આજે તેમણે બિનશરતી માફી માગી લીધી છે. પતંજલિની બોગસ એડવર્ટાઈઝમેન્ટના કેસ મામલે રામદેવ અને આચાર્ય બાલક્રિષ્ના આજે સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમે અગાઉ રામદેવને ઝાટક્યા હતા અને બોગસ જાહેરાતોના મામલે શો કોઝ નોટિસ આપીને બીજી એપ્રિલે કોર્ટમાં હાજર રહેવા કહ્યું હતું. મેડિકલ પ્રોડક્ટ અંગે ભ્રામક જાહેરખબરો પ્રકાશિત કરવાની મનાઈ હોવા છતાં રામદેવની કંપનીએ તેનું પાલન ન કરતા તેમની સામે અદાલતના તિરસ્કારની કાર્યવાહી થઈ શકે છે. પતંજલિ આયુર્વેદના મેનેજિંગ ડિરેક્ટર બાલક્રિષ્નાએ કોર્ટ સમક્ષ બિનશરતી માફી માગી હતી અને કહ્યું હતું કે ભવિષ્યમાં આવી ભૂલ નહીં થાય. રામદેવે માફી તો માગી પરંતુ કોર્ટને તેનાથી સંતોષ થયો ન હતો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સીમા કોહલીએ જણાવ્યું કે તમે માત્ર વાતો કરો છે. તમે જે વચન આપ્યું હતું તેનું સંપૂર્ણપણે પાલન કરવાનું હતું. સુપ્રીમ કોર્ટે અગાઉ ૧૯ માર્ચે બાલક્રિષ્નાને શો કોઝ નોટિસ આપી હતી અને કોર્ટના આદેશનું પાલન ન કરવા બદલ કોર્ટના તિરસ્કારની કાર્યવાહી શા માટે ન કરવી તેનું કારણ પૂછ્યું હતું. નવેમ્બર ૨૦૨૩માં પણ સુપ્રીમ કોર્ટે પતંજલિ આયુર્વેદની ભ્રામક જાહેરખબરો સામે વાંધો ઉઠાવ્યો હતો. પતંજલિ જે બીમારીઓને સાજા કરતી હોવાનો દાવો કરે છે તેના કોઈ પૂરાવા નથી. તેના કારણે કોર્ટે કંપની પર મોટો દંડ ઝીંકવાની પણ ધમકી આપી હતી. લોકોને યાદ હશે કે કોરોના વખતે અને ત્યાર પછી પણ રામદેવે આધુનિક મેડિસિનને ઉતારી પાડવાનું એક વ્યવસ્થિત કેમ્પેઈન ચલાવ્યું હતું. મોડર્ન દવાઓ નુકસાનકારક છે અને પતંજલિના ઔષધોથી બીમારી દૂર થાય છે તેવા દાવા રામદેવ દ્વારા કરવામાં આવ્યા હતા. તેમણે કોરોના સામે રસીકરણ અભિયાનનો પણ વિરોધ કર્યો હતો જેનાથી નારાજ થઈને ઈન્ડિયન મેડિકલ એસોસિયેશને રામદેવ સામે અરજી કરી હતી. તેથી સુપ્રીમ કોર્ટે રામદેવ અને આચાર્ય બાલક્રિષ્નાને ૨ એપ્રિલે રુબરુ હાજર થવા માટે આદેશ આપ્યો હતો.

### મજબૂરીમાં બીસીસીઆઈએ લીધો નિર્ણય

# આઈપીએલમાં બે મેચના કાર્યક્રમમાં ફેરફાર થયો

નવી દિલ્હી,તા.૨

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સીઝનનો માહોલ જામી ગયો છે. દરેક ટીમોએ ત્રણ-ત્રણ મેચ રમી લીધી છે, પરંતુ આ વચ્ચે બીસીસીઆઈએ આઈપીએલ ૨૦૨૪ના કાર્યક્રમમાં ફેરફારની જાહેરાત કરી છે. પરંતુ બોર્ડે માત્ર બે લીગ મેચની તારીખોમાં ફેરફાર કર્યો છે. કાર્યક્રમમાં ફેરફારનું કારણ આ મહિને યોજાનાર લોકસભા ચૂંટણી છે. ચૂંટણીને કારણે સુરક્ષા સ્વવસ્થાને ધ્યાનમાં રાખતા બે મેચની તારીખને આગળ-પાછળ કરવામાં આવી છે.

કાર્યક્રમમાં કરવામાં આવેલો પ્રથમ ફેરફાર કોલકત્તા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સની મેચનો છે. બંને ટીમો વચ્ચે આ મુકાબલો પહેલા ૧૭ એપ્રિલે રમાવાનો હતો. મેચનું આયોજન ઈડન ગાર્ડન્સ કોલકત્તામાં થવાનું હતું, પરંતુ હવે આ મેચ એક દિવસ પહેલા એટલે કે ૧૬ એપ્રિલે રમાશે.કેકેઆર અને રાજસ્થાન રોયલ્સ સિવાય દિલ્હી કેપિટલ્સ અને ગુજરાત ટાઈટન્સના મુકાબલામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. બંને ટીમો વચ્ચે આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાવાની હતી. આ મેચ પહેલા ૧૬ એપ્રિલે નિર્ધારિત હતી, પરંતુ હવે તે ૧૭ એપ્રિલે રમાશે. શેડ્યૂલને લઈને પહેલા તે જણાવવામાં આવ્યું હતું કે ચૂંટણીને ધ્યાનમાં રાખતા તેમાં ફેરફારની સંભાવના છે. દુનિયાની સૌથી મોટી ક્રિકેટ લીગ ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સીઝનનો ફાઈનલ મુકાબલો ૨૬ મેએ રમાશે. લીગની શરૂઆત ૨૨ માર્ચથી થઈ હતી. તેમાં કુલ ૧૦ ટીમ ભાગ લઈ રહી છે. આ રીતે ફેન્સ રંગારંગ લીગની બે મહિના સુધી મજા ઉઠાવશે.

### ભાજપના પ્રદેશ અધ્યક્ષ પરસોત્તમ રૂપાલાનો મુદ્દો

# રાજપૂતોના આક્રોશ વચ્ચે પાટીલનું મોટું નિવેદન, રાજકોટમાં રૂપાલા નહિ જ બદલાય

## કોઈ પણ સમાજનો રોષ હોય એ સ્વભાવિક છે પરંતુ હવે માફી માંગી લીધી છે તેથી ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને માફ કરે

અમદાવાદ,તા.૨

રાજપૂતોના વિરોધ વચ્ચે રાજકોટમાં રૂપાલા નહિ જ બદલાય તેવુ આખરે ભાજપના પ્રદેશ અધ્યક્ષ પરસોત્તમ રૂપાલાએ કહી દીધું છે. ડેમેજ કન્ટ્રોલ કરવાનો પ્રયાસ કરી રહેલા ગુજરાત ભાજપે હાલ ગાંધીનગરમાં રાજપૂત આગેવાનો સાથે બેઠક યોજી હતી. જેના બાદ પ્રેસ કોન્ફરન્સ સંબોધીને સીઆર પાટીલે કહ્યું કે, ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને રૂપાલાને માફ કરી દેવા જોઈએ. તેમણે ત્રણેકવાર માફી માંગી છે. તેમજ પાટીલે અંતે એમ પણ કહ્યું કે, રાજકોટમાં ઉમેદવાર તરીકે પરસોત્તમ રૂપાલાને બદલવાની કોઈ જરૂરિયાત નથી. પ્રેસ કોન્ફરન્સમાં સીઆર પાટીલે કહ્યુ હતું કે, છેલ્લા કેટલાક દિવસથી રાજકોટ બેઠક પર પરસોત્તમ રૂપાલા સામે ક્ષત્રિય સમાજ માટે એક ટિપ્પણીને કારણે સમાજ રોષ ફેલાયો હતો. જેમાં રૂપાલાજીએ ત્રણેક વખત માફી માંગી હતી. હજી પણ સમાજનો રોષ ઓછો થતો નથી. આજે ભાજપે રાજપૂતના સમાજના આગેવાનોની હાજરીમાં, મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમે બેઠક કરી હતી. કોઈ પણ સમાજનો રોષ હોય એ સ્વભાવિક છે. પરંતુ હવે માફી માંગી લીધી છે. તેથી ક્ષત્રિય સમાજે મોટું મન રાખીને માફ કરે.આ સાથે તેમણે કહ્યું કે, ક્ષત્રિય સમાજના સંકલન સમિતિનો સંપર્ક કરવામાં આવશે. ક્ષત્રિય સમાજની સંકલન સમિતિને આવતીકાલે ત્રણ વાગ્યે મળશે. ધીમે ધીમે વાતાવરણ થાળે પડે એ માટેના પ્રયત્ન કરવામાં આવશે. ક્ષત્રિય સમાજને મારી પણ વિનંતી છે કે ભૂલ માટે માફી પણ માંગવામાં આવી છે તો પાર્ટીની સાથે જોડાઈ એવી વિનંતી. અમદાવાદ ગોતા વિસ્તારમાં આવતીકાલે સંકલન સમિતિની ત્રણ વાગે બેઠક મળશે. પાટીલે કહ્યું કે, રાજકોટમાં રૂપાલાને બદલવાની કોઈ જરૂરિયાત નથી. અમે સમાજના રોષ વિશે સાંભળીશું. વાતાવરણ સરળ બને તેવા પ્રયાસ કરીશું. અમારી આજે અઢી ત્રણ કલાક જેટલી મીટિંગ ચાલી હતી. જવાબદારી નક્કી કરાઈ છે. જલ્દીથી આ વિવાદનો નિવેડો આવે તેવો પ્રયાસ કરીશું. સમાજને વિનંતી છે કે, ભૂલ થઈ છે, માફી મંગાઈ છે, પણ સમાજ પોતાનો રોષ શાંત કરીને પાર્ટીની સાથે જોડાય. ક્ષત્રિય સમાજ વર્ષોથી પાર્ટી સાથે રહ્યો છે. ગમે તમે કરીને રૂપાલાનો વિવાદ શાંત થઈ જ નથી રહ્યો, ઉપરથી વધી રહ્યો છે, ત્યારે સી આર પાટીલના નિવાસસ્થાને આ મુદ્દે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ભાજપના ક્ષત્રિય આગેવાનો હાજર રહ્યા હતા. આ બેઠકમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુત, પૂર્વ કેબિનેટ મંત્રી અને ભાજપના વરિષ્ઠ આગેવાન ભુપેન્દ્રસિંહ ચુડાસમા, આઈ કે જાડેજા, પ્રદિપસિંહ જાડેજા, કીરીટસિહ રાણા સહિતના આગેવાનો હાજર રહ્યાં હતા. તેમજ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ જોડાયા હતા. ભાજપના મહામંત્રી રજની પટેલ પણ પ્રદેશ અધ્યક્ષના નિવાસ્થાને પહોંચ્યા.

### ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થશે નવો નિર્ણય

# વ્હોટ્સએપથી મેસેજ કરવા પર ચૂકવવો પડશે ૨.૩ રૂપિયા ચાર્જ

## મેટાની માલિકીનું મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપએ ઈન્ટરનેશનલ વન ટાઈમ પાસવર્ડની એક નવી કેટેગરી શરૂ કરી છે

નવી દિલ્હી, તા.૨

મેટાની માલિકીનું મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપએ ઈન્ટરનેશનલ વન ટાઈમ પાસવર્ડની એક નવી કેટેગરી શરૂ કરી છે. વ્હોટ્સએપના આ પગલાથી કંપનીની કમાણીમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વર્તમાનમાં કંપનીની પાસે ૨ અબજથી વધારે યૂઝર્સ છે. તેનો માત્ર મેસેજ જ નહીં, પરંતુ વોઈસ કોલિંગ, વીડિયો કોલિંગ, ડોક્યુમેન્ટ શેરિંગ જેવા કામો માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. વ્હોટ્સએપમાં મેસેજ મોકલવા માટે ૨ રૂપિયાથી વધારે ચાર્જ લેવામાં આવશે.ઈન્ટરનેશનલ મેસેજની કિંમત પહેલાથી ૨૦ ગણી વધારે થઈ ગઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે, હજુ પણ ઈન્ટરનેશનલ જીસ્જીના ભાવ બહુ ઓછા છે. જો કે, યૂઝર્સ પહેલાની જેમ ળી વ્હોટ્સએપ ઉપયોગ કરતા રહેશે. નવા નિર્ણયની અસર માત્ર બિઝનેસ જીસ્જી પર થશે. હાલ જીસ્જીનું બજાર ૯૦% જેટલું છે. કંપનીઓ મોટાભાગે ઓટીપી માટે મેસેજ મોકલે છે. ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થશે નવો નિર્ણય- મીડિયો રિપોર્ટ્સ પ્રમાણે, વ્હોટ્સએપની નવી ઈન્ટરનેશનલ મેસેજ કેટેગરી હેઠળ પ્રતિ મેસેજ ૨.૩ રૂપિયા ચાર્જ આપવો પડશે. આ નિયમ ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થઈ જશે. તેની અસર ભારતીય અને ઈન્ડોનેશિયા બંને દેશોના કારોબાર પર જોવા મળી શકે છે. વ્હોટ્સએપના નવા નિર્ણયથી ઈન્ટરનેશનલ કંપનીઓ જેવી કે, એમેઝોન, ગૂગલ અને માઈક્રોસોફ્ટનું કમ્યુનિકેશન બજેટ વધી જશે.જાણકારી અનુસાર, નોર્મલ ઈન્ટરનેશનલ વેરિફિકેશન કરવું મોંઘુ પડે છે અને જો કોઈ યૂઝર વ્હોટ્સએપ દ્વારા વેરિફિકેશન કરે છે, તો ઓછો ચાર્જ ચૂકવવો પડે છે. પરંતુ હવે કંપનીએ વ્હોટ્સએપ વેરિફિકેશન પણ મોંઘુ કરી દીધું છે. ભારતમાં એન્ટરપ્રાઈસ મેસેજમાં ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે. તો માર્કેટ શેર લગભગ ૭૬૦૦ કરોડ રૂપિયા થઈ ગયા છે. આમાં જીસ્જી, પુશ મેસેજ, ઓટીપી વેરિફિકેશન, એપ્લિકેશન લોગિન, નાણાકીય ટ્રાન્ઝેકશન, સર્વિસ ડિલીવરી જેવા મેસેજ સામેલ છે.કેમ કરવામાં આવ્યો આ ફેરફાર?- પહેલા ભારતીય કંપનીઓને જીસ્જી માટે ૧૨ પૈસા ચાર્જ ચૂકવવો પડતો હતો. જ્યારે વિદેશી કંપનીઓએ ૪.૧૩ રૂપિયા આપવા પડતા હતા. આ ગેપને ઘટાડવા માટે વ્હોટ્સએપએ બધાને ૧૧ રૂપિયાનો ફ્લેટ રેટ આપ્યો હતો. પરંતુ હવે વિદેશી કંપનીઓએ ૨.૩ રૂપિયા આપવા પડશે. વ્હોટ્સએપના નવા રેટ ભારતથી શરૂ થઈ રહ્યા છે. તેનાથી ખબર પડે છે કે, ભારત વ્હોટ્સએપનું બિઝનેસ મેસેજિંગ કેટલું મહત્વનું છે.

### VVPAT એક સ્વતંત્ર વોટ વેરિફિકેશન સિસ્ટમ છે

# સુપ્રીમ કોર્ટે તમામ 'VVPAT' સ્લિપની ગણતરી કરવાની અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો

## અરજીમાં જણાવાયું છે કે સરકારે અંદાજે ૨૪ લાખ VVPAT ની ખરીદી પર અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે, પરંતુ હાલમાં માત્ર ૨૦,૦૦૦ VVPA સ્લિપની ચકાસણી થાય છ

નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટે ચૂંટણીમાં તમામ 'VVPAT' સ્લિપની ગણતરીની માંગ કરતી અરજી પર ચૂંટણી પંચ અને કેન્દ્ર પાસેથી જવાબ માંગ્યો છે. હાલમાં, VVPAT સ્લિપ દ્વારા માત્ર પાંચ અવ્યવસ્થિત રીતે પસંદ કરાયેલ EVM (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) ની ચકાસણી કરવાનો નિયમ છે. 'વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેઈલ' (VVPAT) એક સ્વતંત્ર વોટ વેરિફિકેશન સિસ્ટમ છે, જે મતદારને એ જોવાની મંજૂરી આપે છે કે તેનો મત તે ઉમેદવારને ગયો છે કે જેને તેણે મત આપ્યો છે. VVPAT દ્વારા, મશીનમાંથી કાગળની સ્લિપ બહાર આવે છે, જેને મતદાર જોઈ શકે છે અને આ સ્લિપને સીલબંધ બોક્સમાં રાખવામાં આવે છે અને વિવાદના કિસ્સામાં તેને ખોલી શકાય છે. જસ્ટિસ બી.આર. જસ્ટિસ ગવઈ અને સંદીપ મહેતાની બેન્ચે સામાજિક કાર્યકર્તા અરુણ કુમાર અગ્રવાલનું પ્રતિનિધિત્વ કરતા વકીલોની દલીલો ધ્યાનમાં લીધી જેમણે ચૂંટણીમાં તમામ VVPAT સ્લિપની ગણતરી કરવાની માંગ કરી હતી. બેંચે અરજી પર પંચ અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી હતી. આ મામલે ૧૭ મેના રોજ સુનાવણી થઈ શકે છે. અરજીમાં જણાવાયું છે કે સરકારે અંદાજે ૨૪ લાખ VVPAT ની ખરીદી પર અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે, પરંતુ હાલમાં માત્ર ૨૦,૦૦૦ VVPAT સ્લિપની ચકાસણી થાય છે. ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા એક મહત્વપૂર્ણ આદેશમાં, સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ચૂંટણી કમિશનરની નિમણૂકના કાયદા પર સ્ટે મૂકવાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. આ દરમિયાન કોર્ટે કહ્યું કે આ તબક્કે આમ કરવું એ "અરાજકતા પેદા" હશે. ટિપ્પણી કરતી વખતે, કોર્ટે એમ પણ કહ્યું કે નવા નિયુક્ત ચૂંટણી કમિશનરો, જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સામે કોઈ આરોપ નથી, જેમની પસંદગી પેનલમાં ફેરફાર પછી નવા કાયદા હેઠળ પસંદગી કરવામાં આવી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે 'X' પર એક પોસ્ટમાં કહ્યું, 'સુપ્રીમ કોર્ટે આજે VVPAT મુદ્દે ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે. વારંવાર અહેવાલ આવી રહ્યા છે કે પંચે 'ભારત' ગઠબંધનમાં સામેલ પક્ષોના નેતાઓના પ્રતિનિધિમંડળને મળવાનો ઈનકાર કરી દીધો છે, જેમાં ઈફસ્માં લોકોનો વિશ્વાસ વધારવા અને ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે ૧૦૦ ટકા VVPATની માંગ કરવામાં આવી છે.'

### ગરમીમાંથી મળશે રાહત!

# ગુજરાતમાં રવિવાર સુધી તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર નહીં જવાની આગાહી

## ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યોમાં આ મહિને ભારે વરસાદની સંભાવના

અમદાવાદ, તા.૨

અમદાવાદ: રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનનો પારો થોડો નીચો રહેતા લોકોએ તાપમાંથી રાહત મેળવી છે. ત્યારે હવામાન વિભાગે ગુજરાતીઓ માટે સારા સમાચાર આપ્યા છે. હાલ કોઈપણ પ્રકારની વોર્નિંગની આગાહી આપવામાં આવી નથી.સોમવારે હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે કરેલી આગાહીમાં જણાવ્યુ હતુ કે, 'આગામી પાંચ દિવસમાં ગુજરાતનું હવામાન શુષ્ક રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ છે કે, મહત્તમ તાપમાનમાં મોટો ફેરફાર થવાની કોઈ શક્યતા નથી. આ સાથે તેમણે જણાવ્યુ હતુ કે, છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદમાં ૩૬.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે જ્યારે ગાંધીનગરમાં ૩૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, રાજ્યમાં સૌથી વધુ અમરેલીમાં ૩૮.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. 'અભિમન્યુ ચૌહાણે જણાવ્યુ હતુ કે, 'આ સપ્તાહના મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફારની સંભાવના નથી. તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે રહેવાની સંભાવના છે. કોઈપણ પ્રકારની વોર્નિંગ આપવામાં નથી આવી. તો બીજી બાજુ તેમણે જણાવ્યુ છે કે, દરિયા કિનારે હવા ઉત્તર પશ્ચિમ દિશાથી ફૂંકાશે. દરિયાકાંઠે ૧૫થી ૨૦ માઈલ્સ પ્રતિ કલાકની ગતિ રહેશે. જમીન પર પણ ઉત્તર પશ્ચિમ દિશામાં હવા ફૂંકાઈ રહી છે. આખુ સપ્તાહ આ રીતે જ હવાઓ ફૂંકાશે જે બાદ પવનની દિશા બદલાશે. જેના કારણે તાપમાનમાં આગામી સપ્તાહથી થોડા વધારો જોવા મળશે.'તો આજે આપણે ભારતીય હવામાન વિભાગની આગાહી પણ જોઈએ. IMD ની આગાહીમાં જણાવ્યા પ્રમાણે, આકરી ગરમીની સાથે આ મહિને અનેક જગ્યાએ વરસાદ પણ પડશે. સામાન્ય રીતે એપ્રિલ મહિનામાં ઓછો વરસાદ પડે છે, પરંતુ આ વખતે આવું નહીં થાય. ગુજરાત સહિત રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને અન્ય કેટલાક રાજ્યોમાં આ મહિને ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલા અપડેટમાં કહેવામાં આવ્યું છે કે, 'ઉત્તર-પશ્ચિમ ભારતના મોટાભાગના ભાગોમાં અને મધ્ય ભારતના ઘણા ભાગો, ઉત્તરી દ્વીપકલ્પ ભારત, પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં સામાન્ય અથવા સામાન્યથી વધુ વરસાદની શક્યતા છે. એપ્રિલ મહિનામાં પૂર્વ અને પશ્ચિમી દરિયાકાંઠાના વિસ્તારોમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ પડવાની ધારણા છે.હવામાન નિષ્ણાતે પોતાની આગાહીમાં જણાવ્યું છે કે, એપ્રિલ મહિનાની શરુઆતથી વાદળછાયુ વાતાવરણ રહેશે. ૩ એપ્રિલ સુધી વાદળછાયુ વાતાવરણ રહેશે. આ ઉપરાંત ૬થી ૮ એપ્રિલમાં પણ વાદળછાયું વાતાવરણ રહેશે. ૮અને ૯ એપ્રિલના પણ વેસ્ટન ડિસ્ટર્બન્સ આવશે. ૧૨થી ૧૪ એપ્રિલમાં પણ વાદળછાયુ વાતાવરણ રહેશે. ૨૨થી ૨૩ એપ્રિલમાં પણ વેસ્ટન ડિસ્ટર્બન્સ આવશે. અને આ પછી ૨૩થી ૨૫ એપ્રિલના પણ વેસ્ટન ડિસ્ટર્બન્સ આવશે તેવી સંભાવનાઓ છે.

### ઈકોઝોનની અમલવારીને લઈને પોતાનો વિરોધ દર્શાવ્યો

# ગીરના ૧૬ થી વધુ ગામના લોકોએ ઉચ્ચારી ચૂંટણી બહિષ્કારની ચીમકી

## આગામી થોડા જ દિવસોમાં જો ઈકોઝોનને લઈને કોઈ નિર્ણય નહીં આવે તે લોકસભા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી

જુનાગઢ,તા.૨

દેશમાં લોકસભા ચૂંટણીના પડઘમ વાગી ચુક્યા છે અને તમામ રાજકીય પાર્ટીઓ પ્રચારમાં તાકાત લગાવી રહી છે.

ત્યારે જુનાગઢ લોકસભા મતવિસ્તારમાં આવતા ગીરના ૧૬થી વધુ ગામના લોકોએ ઈકોઝોનની અમલવારીના વિરોધમાં ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.

લોકસભાની ચૂંટણીનો એકદમ માહોલ જામી ચૂક્યો છે. રાજકીય પક્ષોના ઉમેદવારો ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બન્યા છે. આવા સમયે જુનાગઢ લોકસભામાં આવતા ગીર વિસ્તારના ૧૬ કરતાં વધુ ગામના લોકોએ ઈકોઝોનની અમલવારીને લઈને પોતાનો વિરોધ દર્શાવ્યો છે. આગામી થોડા જ દિવસોમાં જો ઈકોઝોનને લઈને કોઈ નિર્ણય નહીં આવે તે લોકસભા ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે.

ઉલ્લેખનિય છે કે. ઈકોઝોનની અમલવારીને લઈને છેલ્લા એક દશકાથી ગીર જંગલ વિસ્તારના ખેડૂતોને ખૂબ મુશ્કેલી વેઠવી પડે છે. ખેતરમાં કોઈ બાંધકામથી લઈને વિજ લાઈન નાખવા સુધી વનવિભાગની મંજૂરી લેવી પડે છે અને ક્યારેક તે પણ ન મળતી હોવાનો આક્ષેપ કર્યો છે.

ઈકોઝોન વિસ્તારમાં કોઈ પણ પ્રકારની ઔદ્યોગિક કે રહેણાંક ગતિ વિધિ પણ ન થઈ શકે તેવી કડક જોગવાઈઓ છે. આ સમસ્યા કોઈ આજકાલની નથી છેલ્લા ઘણા વર્ષોથી ચાલી આવે છે. અગાઉ ખેડૂતોએ અનેક વખત આંદોલન કર્યા, વિરોધ કર્યા પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. ત્યારે દર વર્ષે ચૂંટણી ટાણે આ જ પ્રશ્ન ઉછળતો હોય છે.

ધારાસભ્ય અને સાંસદો પણ ખાલી આશ્વાસન જ આપતા હોવાનો આક્ષેપ છે. ત્યારે આ વખતે ગીર વિસ્તારના અસરગ્રસ્ત ૧૬ કરતાં વધુ ગામના લોકો નિર્ણયમાં ફેરફારની માગ કરી રહ્યા છે અને જો માગ ન સ્વીકારાય તો મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરવાની ચીમકી ઉઠાવી છે.

### નિવૃત્તિના ૧૮ વર્ષ બાદ કોર્ટે ફટકારી સજા

# નજીવી લાલચના કારણે ૧૨ સેવાકીય એવોર્ડ પર ફેરવ્યું પાણી!

## વર્ષ ૨૦૦૨માં FD બારોબાર ચાંઉ કરી જવા મામલે દાખલ થયેલી અરજી મામલે અમદાવાદ ગ્રામ્ય કોર્ટે ચુકાદો આપ્યો છે

અમદાવાદ, તા.૨

અમદાવાદના રામોલ વિસ્તારમાં રહેતા હિરાબહેનના નામે ૫ નવેમ્બર ૨૦૦૨ના રોજ તેમના દીકરાએ ૬૦ હજાર રૂપિયયાની ફિક્સ ડિપોઝીટ જનતાગર પોસ્ટ ઓફિસમાં કરી હતી. આ એફડી સબ પોસ્ટ માસ્ટર ભગવાનભાઈ મંડલી દ્વારા કરવામાં આવી. આ દરમિયાન થોડા જ સમયમાં બોગસ સહી અને સિક્કા મારફતે એફડી ભગવાનભાઈ મંડલીએ ઉપાડી લીધી હતી. બીજી તરફ હિરાબહેનના દીકરાએ એફડી લેવા પ્રક્રિયા કરતા ચાર વર્ષ બાદ ઘટસ્ફોટ થયો હતો. જે અંગે પોસ્ટ ઓફિસને જાણ થતા વર્ષ ૨૦૦૬માં ફરજ પરના પોસ્ટ અધિકારી લક્ષ્મણભાઈ પંચાલે જુના સબ પોસ્ટ માસ્ટર ભગવાનભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જોકે આ દરમિયાન કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટ ચાલ્યો હતો. જ્યાં સરકારી વકીલ ધીરુભાઈ જે પરમારે કેસને સંલગ્ન ૭ સાક્ષીઓ તપાસી અને ૧૩ દસ્તાવેજી પુરાવા રજૂ કરી કોર્ટ સમક્ષ મુક્યા હતા. ગ્રામ્ય કોર્ટમાં સરકારી વકીલે રજૂઆત કરતા આરોપીએ એફડીના નાણાં સરકારી ઓફિસ ખાતેથી ઉપાડી લઈ અંગત ઉપયોગમાં વાપરી લીધા હોવાનું કોર્ટને કહ્યું .જ્યાં આખોય કેસ નિઃશંકા પણે અને દસ્તાવેજી પુરાવા જોતા આરોપી સામે પ્રથમદર્શિય કેસ બનતો હોવાની દલીલ કરવામાં આવી. કોર્ટ સમક્ષ આ સિવાય પણ મુદ્દાઓ મુકવામાં આવ્યો કે હાલમાં આ પ્રકારના કિસ્સાઓ વધી રહ્યાં છે ત્યારે સમાજમાં દાખલો બેસે અને આવા આરોપીઓમાં કાયદાનો ભય રહે તે હેતુને ધ્યાને રાખી સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. બીજી તરફ આરોપી તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, તેઓ સિનિયર સીટીઝન છે અને હાલ તેમની ૭૮ વર્ષિય ઉંમર છે અને તેઓ કોઈ જ ગુનાહિત રેકોર્ડ ધરાવતા નથી.સાથે જ ૩૫ વર્ષની નોકરી દરમિયાન સારી કામગીરી અને વર્તણૂંક માટે ૧૨ સેવાકીય એવોર્ડ મળ્યા છે. ત્યારે કોર્ટે પણ દયા દાખવી ઓછામાં ઓછી સજા કરવી જોઈએ. જોકે અમદાવાદ ગ્રામ્ય કોર્ટના જજ મેહુલ ડી વીરાણીએ ચુકાદામાં નોંધ્યું હતું કે આખોય કેસ નિઃશંકા પણે પુરવાર થાય છે, ત્યારે સમાજમાં દાખલો બેસે તે હેતુને ધ્યાને રાખી આરોપીને સજા કરવી ન્યાયોચિત છે. જે કેસમાં બન્ને પક્ષોની રજૂઆત સાંભળ્યા બાદ આરોપીને ૩ વર્ષની સજા ફટકારી અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો.

### અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારનો કીસ્સો

# પત્નીએ વોટ્સએપમાં અન્ય યુવતીઓ સાથે વાત કરવાની ના પાડી , પતિએ તલાક આપ્યા

## તેને દહેજમાં રૂપિયાની માંગણી લઇને ગડદાપાટુનો માર મારતા અને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતાં

અમદાવાદ,તા.૨

અમદાવાદ શહેરના વેજલપુર વિસ્તારમાં ફરવા ગયા ત્યારે પત્નીએ પતિના ફોટા પાડતા તે ઉશ્કેરાઈ ગયો હતો અને બોલાચાલી ઝઘડો કર્યો હતો. બાદમાં તેને દહેજમાં રૂપિયાની માંગણી લઈને ગડદાપાટુનો માર મારતા અને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતાં. મહિલા તેના પતિના વોટ્સઅપમાં તે અન્ય યુવતીઓ સાથે વાતચીત કરતો હોવાનું જાણવા મળતા જ તેનો પતિ ઉશ્કેરાઈ ગયો હતો. અને તલ્લાક આપી દેતા મહીલાએ પોલીસ ફરીયાદ નોંધાવી છે. શહેરના ફતેવાડી વિસ્તારમાં રહેતી મહિલાએ તેના પતિ, સાસુ-સસરા વિરુદ્ધમાં પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે. મહિલાનો આરોપ છે કે, તેના લગ્ન બાદ તેના સાસરિયાએ તેને એક મહિના સુધી સારી રીતે રાખી હતી. તે તેના પતિ સાથે બહાર ફરવા માટે ગઈ ત્યારે તેણે તેના અને પતિના ફોટા પાડ્યા હતાં. પરંતુ તેના પતિએ તું કેમ ફોટા પાડે છે તેમ કહીને તેની સાથે બોલાચાલી ઝઘડો કર્યો હતો. આ બાબતની જાણ મહિલાના પતિએ તેની માતાને કરતા તેણે કહ્યું હતું કે, ના પાડવા છતા પણ તું કેમ ફોટા પાડે છે. ત્યારથી તેના સાસુ સસરા ઘરકામમાં નાના નાના વાંક કાઢીને તેની સાથે બોલાચાલી ઝઘડો કરતા હતાં. તેનો પતિ પણ તેને ગડદાપાટુનો માર મારીને શારીરિક તથા માનસિક ત્રાસ આપતો હતો. મહિલા પ્રેગનેન્ટ થતાં તેના સાસુએ તેને કહ્યું હતું કે, હવે તું પ્રેગનેન્ટ છે અને તું દહેજમાં કંઈ લાવેલ નથી એટલે તારે દવાખાનાનો ખર્ચો થશે. તારા માતા પિતા પાસેથી એક લાખ રૂપિયા લઈને આવજે. ત્યાં સુધી ઘરે પરત આવતી નહીં. તેમ કહીને ઘરમાંથી કાઢી મુકી હતી. દીકરીનો ઘર સંસાર બગડે નહી તે માટે મહિલાના પિતાએ તેને એક લાખ રૂપિયા આપ્યા હતાં. ત્યાર બાદ થોડા સમય માટે તેને સારી રીતે રાખી હતી. મહિલાએ પુત્રને જન્મ આપ્યા બાદ તેના સાસરિયાએ તેની પાસેથી વધુ રૂપીયાની માંગણી કરી હતી. તેને ગડદાપાટુનો માર મારીને ઘરમાંથી કાઢી મુકી હતી. મહિલાના પિતાએ રૂપિયા દોઢ લાખની સગવડ કરી આપતા તે પરત સાસરીમાં રહેવા માટે ગઈ હતી. પાંચેક મહિના પહેલા તેના પતિનું વોટ્સઅપ જોતા જાણવા મળ્યું હતું કે, તે બીજી યુવતીઓ સાથે વાતચીત કરે છે. મહિલાએ તેના પતિને આ બધુ બંધ કરવાનું કહેતા તેના પતિએ ગુસ્સે થઈ ત્રણ વખત તલ્લાક તલ્લાક તલ્લાક કહીને તલ્લાક આપી દીધા હતાં. જે બાબતની જાણ મહિલાએ પોલીસને કરતાં વેજલપુર પોલીસે ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

# ધોનીની બેટિંગ અમારા માટે એકમાત્ર હકારાત્મક બાબત હતી: ફલેમિંગ

ચેન્નાઈ, તા.૨

ક્રિકેટની રમત પ્રત્યેની જાગૃતિ અને આ રમતના રોમાંચની વાત છે ત્યાં સુધી મહેન્દ્રસિંહ ધોની કરતાં કદાચ અન્ય કોઈ બેટ્સમેન નથી જે ક્રિઝ પર આવતાંની સાથે જ છવાઈ જાય છે અને રવિવારે તે દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં બેટિંગમાં આવ્યો ત્યારે આ વાત પુરવાર થઈ ગઈ હતી તેમ ધોનીની ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમના ચીફ કોચ સ્ટિફન ફલેમિંગે જણાવ્યું હતું. ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રવિવારે ચેન્નાઈ અને દિલ્હી વચ્ચે મેચ રમાઈ ત્યારે ધોનીના આગમન બાદ રમતનો રોમાંચ બદલાઈ ગયો હતો. જોકે ચેન્નાઈની ટીમ ટારગેટ સુધી પહોંચી શકી ન હતી પરંતુ ધોનીએ તેની આક્રમક શૈલીથી બેટિંગ કરીને સારું મનોરંજન પૂરૂ પાડ્યું હતું.વર્તમાન આઈપીએલમાં પહેલી વાર પરાજયનો સામનો કરનારી ચેન્નાઈની ટીમના પરાજયનું અંતર ૨૦ રનનું હતું પરંતુ ધોનીએ ૧૬ બોલમાં ૩૭ રન ફટકાર્યા ન હોત તો આ અંતર ઘણું વધારે રહ્યું હોત. આમ પરાજયનું અંતર ઘટાડવાના ધોનીના પ્રયાસથી ચેન્નાઈના નેટ રનરેટમાં ફરક પડી ગયો હતો જે આગળ જતાં તેને કામ લાગી શકે તેમ છે. ધોનીએ દિલ્હીના એનરિક નોર્કિયાની બોલિંગમાં છેલ્લી ઓવરમાં ધૂમ મચાવી હતી અને એક્સ્ટ્રા કવર પર એક સિક્સર ફટકાર્યા બાદ બીજી વાર બોલને મિડ વિકેટ પરથી કૂદાવીને બહાર મોકલી દીધો હતો. ૪૨ વર્ષીય ધોની છેલ્લે ૨૦૧૯માં ભારત માટે રમ્યો હતો પરંતુ ત્યાર પછી પણ આઈપીએલને કારણે તે આજેય આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. ગયા વર્ષે તેણે ઢીંચણની સર્જરી કરાવી હતી. ફલેમિંગે જણાવ્યું હતું કે આ મેચમાં અમારા માટે સકારાત્મકબાબત જો કોઈ રહી હોય તો તે ધોનીની બેટિંગ હતી. તેની રમત નિહાળવી આહલાદક હતી. તેણે સિઝન અગાઉ શાનદાર બેટિંગ કરી હતી. તે અગાઉ તેણે એક ગંભીર સર્જરી કરાવી હતી. અમારા માટે રવિવારનો દિવસ કપરો રહ્યો હતો પરંતુ ધોનીની બેટિંગને કારણે દિવસને અંતે તેણે ટીમમાં હકારાત્મક વાતાવરણ સજી દીધું હતું.

### ભારતમાં ૨૦૧૪થી ચાઈનીઝ લસણ પર પ્રતિબંધ છે

# નેપાળમાંથી ચાઈનીઝ લસણની દાણચોરી કરવામાં આવી રહી છે

## બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં નેપાળ દ્વારા ચાઇનીઝ લસણની દાણચોરીએ કસ્ટમ અધિકારીઓને ચિંતામાં મૂક્યા છે

નવી દિલ્હી, તા.૨

ચીની લસણએ ભારતીય કસ્ટમ અધિકારીઓને એલર્ટ કરી દીધા છે. તાજેતરમાં મોટા પ્રમાણમાં ચાઈનીઝ લસણ ભારતમાં દાણચોરી કરતા પકડાયા બાદ સત્તાવાળાઓએ કસ્ટમ પોસ્ટ પર દેખરેખ વધારી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલમાં આ બાબત સાથે સંકળાયેલા લોકોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે કસ્ટમ અધિકારીઓએ સ્નિફર ડોગ્સ તૈનાત કર્યા છે અને હોલસેલર્સ અને વેરહાઉસમાં તેમની સ્થાનિક ગુપ્તચરોને ચેતવણી આપી છે. આ તમામ કવાયત નેપાળ અને બાંગ્લાદેશની સરહદેથી ચાઈનીઝ લસણની દાણચોરી રોકવા માટે કરવામાં આવી રહી છે. ચાઈનીઝ લસણમાં ફૂગની શક્યતા છે. વધુમાં, તેમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોય છે. આ જ કારણ હતું કે વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે આ લસણ પર પ્રતિબંધ મૂક્યો હતો. રિપોર્ટમાં કસ્ટમ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ચાઈનીઝ લસણની દાણચોરીના કેસમાં વધારો થયો છે. જેમાં નેપાળ થઈને લસણ લાવવામાં આવે છે. ભારતે ૨૦૧૪માં ચીની લસણની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. લસણમાં મોલ્ડ હોવાના અહેવાલો બાદ આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. દાણચોરી કરાયેલા લસણમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોવાની પણ આશંકા છે. ગયા મહિને, કસ્ટમ અધિકારીઓએ સિક્તા લેન્ડ કસ્ટમ પોસ્ટ પર રૂ. ૧.૩૫ કરોડની કિંમતના ૬૪,૦૦૦ કિલો ચાઈનીઝ લસણના શિપમેન્ટને અટકાવ્યું હતું. સ્થાનિક બજારમાં લસણના ભાવમાં વધારો અને નિકાસમાં તીવ્ર વધારાને કારણે દાણચોરીમાં વધારો થયો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના અંદાજ મુજબ દેશમાં ચાઈનીઝ લસણનો સ્ટોક ૧,૦૦૦ થી ૧,૨૦૦ ટન છે. ગયા વર્ષે નવેમ્બરથી કિંમતો લગભગ બમણી થઈને □ ૪૫૦-૫૦૦ પ્રતિ કિલો થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનામાં ભાવમાં થયેલા ઉછાળા પાછળના મુખ્ય કારણો પાકની ખોટ અને વાવણીમાં વિલંબ છે. બજારમાં ચાઈનીઝ જાતના લસણના આગમન બાદ સ્થાનિક વેપારીઓએ સરકાર સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો છે.

# અમરેલી ખાતે એપેક્ષ સ્કૂલ દ્વારા વાર્ષિકોત્સવ ''કલરવ'' યોજાયો




અમરેલીમાં સુખ નિવાસ કોલોની રોડ પર અખાડાની સામે આવેલ નામાંકિત એપેક્ષ સ્કૂલ દ્વારા શાળાનો વાર્ષિકોત્સવ કલરવ ૨૦૨૪નું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ, વાલીઓ, શુભચિંતકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ અને ઉદઘાટન માનવ મંદિર આશ્રમ સાવરકુંડલાના મહંત પરમ ભકિતરામ બાપુએ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શુભચિંતકોને આર્શીવચન આપ્યા હતા તથા સાંપ્રત પરિસ્થિતિથી વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં મોટીવેશન સ્પીકર કૌશિકભાઈ જીકાદ્રા દ્વારા વિદ્યાર્થીઓ તથા વાલીઓ મોટીવેટ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં એપેક્ષ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા લોકોને મંત્રમુગ્ધ કરી દે તેવી સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા મેનજમેન્ટ શાળાના કેમ્પસ ડાયરેકટર મનીષભાઈ ભંડેરી તથા એજયુકેશનલ ડાયરેકટર ભાવેશભાઈ વડાલીયા દ્વારા કરવામાં આવ્યું હતું આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વડાલીયા મિતલ મેડમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રાજયગુરૂ કુલદીપભાઈ, સુરેશભાઈ નવાપરીયા, ભેસાણીયા યોગેશભાઈ, ઉપેન્દ્રભાઈ વડાલીયા, મેતલીયા ગુણવંત, બી.ડી. દાફડા સુધીર, ગોલભાઈ, ઈશા મેડમ, ખુશાલી મેડમ, વિપુલભાઈ પોકિયા, ધાનાણી સની, જોષી, બામટા વગેરે જહેમત ઉઠાવી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં વિજયાનગરમાં

બીડ વિસ્તારમા જવાનુ કહેતા યુવક તથા તેની સાથે તેનો એક મજુર મળી બન્ને ગયેલા તો ત્યાં સાવરકુંડલા તાલુકાના વિજયાનગર ગામે રહેતા આરોપી કાળુભાઈ વિરાણી આવેલ અને તેણે યુવકને તથા મંજૂરને જેમફાવે તેમ ગાળો આપવા લાગેલ. જેથી યુવકેએ ગાળો આપવાની ના પાડતા આરોપીએ યુવકને ધક્કો મારી પછાડી દીધેલ અને પડખામાં પાટુ મારતા બન્ને વચ્ચે ઝપાઝપી થયેલ હતી. યુવકના ખીસ્સામાંથી રૂપિયા ૯૦૦ પડી ગયેલ કે આરોપી લઈ ગયેલ તેની પોતાને ખબર ન હોય અને જતા જતા આરોપીએ યુવકને કહેલ કે આજે તો જવા દઉ છું પણ હવે પછી મળીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ''વિવિપેટ'' સ્લિપની ગણતરી બાબતે

મામલે ૧૭ મેના રોજ સુનાવણી થઈ શકે છે. અરજીમાં જણાવાયું છે કે સરકારે અંદાજે ૨૪ લાખ **VVPAT** ની ખરીદી પર અંદાજે રૂ. ૫,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો છે, પરંતુ હાલમાં માત્ર ૨૦,૦૦૦ **VVPAT** સ્લિપની ચકાસણી થાય છે. ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા એક મહત્વપૂર્ણ આદેશમાં, સુપ્રીમ કોર્ટે ફરી એકવાર ચૂંટણી કમિશનરની નિમણૂકના કાયદા પર સ્ટે મૂકવાનો આદેશ આપવાનો ઈનકાર કર્યો હતો. આ દરમિયાન કોર્ટે કહ્યું કે આ તબક્કે આમ કરવું એ ''અરાજકતા પેદા'' હશે. ટિપ્પણી કરતી વખતે, કોર્ટે એમ પણ કહ્યું કે નવા નિયુક્ત ચૂંટણી કમિશનરો, જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ સામે કોઈ આરોપ નથી, જેમની પસંદગી પેનલમાં ફેરફાર પછી નવા કાયદા હેઠળ પસંદગી કરવામાં આવી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે **'X'** પર એક પોસ્ટમાં કહ્યું, 'સુપ્રીમ કોર્ટે આજે **VVPAT** મુદ્દે ચૂંટણી પંચને નોટિસ પાઠવી છે. વારંવાર અહેવાલ આવી રહ્યા છે કે પંચે 'ભારત' ગઠબંધનમાં સામેલ પક્ષોના નેતાઓના પ્રતિનિધિમંડળને મળવાનો ઈનકાર કરી દીધો છે, જેમાં **ઈવીએમ**માં લોકોનો વિશ્વાસ વધારવા અને ચૂંટણી પ્રક્રિયાની અખંડિતતા સુનિશ્ચિત કરવા માટે ૧૦૦ ટકા **VVPAT**ની માંગ કરવામાં આવી છે.'

## પાના ૮ ઉપરનું ચાલું કાંચિડો અને કોબ્રાની ફોટોગ્રાફી કરી

ઉ.વ. ૨૦ રહે. દેવીપુજક વાસ, મેરીયાણા રોડ, ગોરડકા, તા. સાવરકુંડલા વાળા તથા અન્ય ફરાર આરોપીઓ, ઘનો ભીખાભાઈ પરમાર તથા અજીત કીશોરભાઈ પરમાર બન્ને રહે. ગાધકડા, તા.સાવરકુંડલાઓના નામ ખુલવા પામેલ છે. જે અન્વયે સાવરકુંડલા રેન્જના સાવરકુંડલા રાઉન્ડ ગુના નં. ૦૧/ ૨૦૨૪–૨૫, તા. ૧/૪/૨૦૨૪ થી ગુનો નોંધી અને આરોપીની શોધખોળ કરતા એક આરોપી હાથ લાગેલ છે. અને અન્ય બે આરોપીઓ ફરાર છે.આ બનાવમાં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ના શેડયુલ–૧નાં પાર્ટ–સી હેઠળ આરક્ષિત વન્ય જીવ લીલો કાચિંડો (ઈન્ડિયન કેમેલીયન), નાગ (ઈન્ડિયન કોબ્રા) ને પકડી મોબાઈલમાં ફોટોગ્રાફી કરેલ તથા શેડયુલ–૧નાં પાર્ટ–સી હેઠળ આરક્ષિત વન્ય જીવ ધ્રામણ (કોમન રેટ સ્નેક) ને આરોપી દ્વારા હાથ વડે પકડી લાકડી વડે મારી મૃત્યુ નિપજાવી શિકાર થયેલ હોવાનું જણાયેલ છે.

આ ગુનામાં વન્યપ્રાણી સંરક્ષણ અધિનીયમ ૧૯૭૨ અન્વયે સજાની જોગવાઈ છે. આ ગુન્હાની આગળની તપાસ રેન્જ ફોરેસ્ટ ઓફીસર સાવરકુંડલા અને તાલુકા વાઈલ્ડલાઈફ વોર્ડન પ્રતાપ એન. ચાંદુ ચલાવી રહયા છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૮૦ | ૧૨૩૩ |
| ૨ | શિંગ મોટી | ૯૯૪ | ૧૨૬૦ |
| ૩ | શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૬૦ |
| ૪ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૭૧૫ |
| ૫ | બાજરો | ૩૯૦ | ૪૨૫ |
| ૬ | જુવાર | ૫૩૦ | ૯૫૨ |
| ૭ | ઘંઉ ટુકડા | ૪૦૫ | ૭૧૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૭૨ |
| ૯ | ચણા | ૯૨૦ | ૧૧૧૧ |
| ૧૦ | ચણા દેશી | ૧૦૪૩ | ૧૨૩૦ |
| ૧૧ | તુવેર | ૧૦૪૦ | ૧૯૪૦ |
| ૧૨ | કપાસ | ૧૦૦૦ | ૧૫૭૪ |
| ૧૩ | એરંડા | ૧૦૪૦ | ૧૧૩૦ |
| ૧૪ | જીરૂ | ૩૩૩૦ | ૪૯૫૦ |
| ૧૫ | રાયડો | ૭૨૦ | ૮૮૨ |
| ૧૬ | રાય | ૯૩૫ | ૧૨૩૦ |
| ૧૭ | ધાણા | ૧૧૮૦ | ૧૮૪૦ |
| ૧૮ | ધાણી | ૧૩૭૦ | ૨૪૪૦ |
| ૧૯ | અજમા | ૩૪૮૦ | ૩૪૮૦ |
| ૨૦ | મેથી | ૧૦૦૦ | ૧૧૨૬ |
| ૨૧ | મરચા લાંબા | ૭૩૦ | ૪૨૦૦ |
| ૨૨ | સુવાદાણા | ૧૨૫૦ | ૧૪૦૦ |

### ૧૯ એપ્રિલથી પ્રથમ તબક્કાનું મતદાન શરુ થવાનું છે

## ખેડામાં ચૂંટણી પહેલા સેવાલિયા ચેકપોસ્ટ પર હથિયાર ઝડપાયા

સેવાલિયા,તા. ૨

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ૧૯ એપ્રિલથી પ્રથમ તબક્કાનું મતદાન શરુ થવાનું છે. ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ આચારસંહિતા પણ લાગુ પડી ગઈ છે. જો કે આચારસંહિતા ભંગ પણ જોવા મળી રહ્યુ છે. ખેડામાં ચૂંટણી પહેલા સેવાલિયા ચેકપોસ્ટ પર હથિયાર ઝડપાયા છે.

લોકસભાની ચૂંટણી નજીક આવી રહી છે. ૧૯ એપ્રિલથી પ્રથમ તબક્કાનું મતદાન શરુ થવાનું છે. ચૂંટણીની તારીખ જાહેર થતાની સાથે જ આચારસંહિતા પણ લાગુ પડી ગઈ છે. જો કે આચારસંહિતા ભંગ પણ જોવા મળી રહ્યુ છે. ખેડામાં ચૂંટણી પહેલા સેવાલિયા ચેકપોસ્ટ પર હથિયાર ઝડપાયા છે.

ખેડા જિલ્લાના સેવાલિયા ચેકપોસ્ટ પર ચેકિંગ ચાલી રહ્યુ હતુ. તે દરમિયાન મધ્યપ્રદેશથી જામનગર જતી બસમાં તપાસ કરવામાં આવી રહી હતી. તપાસ દરમિયાન બસમાં ૩ શખ્સો હથિયાર સાથે પકડાયા હતા. તેમની પાસેથી ૨ દેશી પિસ્તોલ, એક તમંચો અને ૯ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે.

પકડાયેલા ત્રણેય આરોપી આર્મ્સ એક્ટ, મર્ડર-લૂંટ અને પ્રોહિબિશનના રીઢા આરોપી હોવાની માહિતી સામે આવી છે. પોલીસે કુલ ૪ શખ્સો સામે ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાનાં હિંડોરણા ગામની

માટે આ બાળકો આવતા હોય રોડ ક્રોસ કરીને શાળાના અભ્યાસે આવવા–જવાનું હોય જેથી મુશ્કેલી પડતી હોય. ત્યારે આ હાઈવે પર સ્પીડ બ્રેકર મુકવા તેમજ સાઈનબોર્ડ મુકવા વિનંતી કરવામાં આવેલ છે. હિંડોરણા પ્રાથમિક શાળાની આ કમિટીના મેનેજમેન્ટ ધ્વારા આ પત્ર લખવામાં આવ્યો છે જેમાં પટાટ બાબુભાઈ રામભાઈ તેમજ હિતેશભાઈ ઓઝા ધ્વારા આ પત્ર લખવામાં આવેલ છે અને સ્પીડ બ્રેકર તેમજ સાઈન બોર્ડ તેમજ પાણીના નિકાલ બાબતે કોઈ પણ જાતના ભૂંગળા મુકેલા ન હોય જેથી ચોમાસામાં શાળામાં પાણી ભરાવાની સમસ્યા હોય. તેથી વ્હેલીતકે આ પ્રશ્નનો હલ કરવા માટે હિંડોરણા પ્રાથમિક શાળાની સ્કૂલ મેનેજમેન્ટ કમિટી ધ્વારા આ પત્ર લખવામાં આવેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૧ | ૧૫૪૧ |
| ૨ | જુવાર સફેદ | ૮૨૬ | ૮૨૬ |
| ૩ | ચણા | ૧૦૭૫ | ૧૧૦૦ |
| ૪ | એરંડા | ૧૧૨૬ | ૧૧૩૧ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૬ | ધાણા | ૧૨૪૧ | ૧૪૩૫ |
| ૭ | મેથી | ૮૯૧ | ૯૦૦ |
| ૮ | ચોળી | ૧૦૨૦ | ૧૦૨૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૧૨ | ૧૧૮૧ |
| ૨ | શીંગ મોટી | ૯૬૦ | ૧૨૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૫૧ |
| ૪ | જીરૂ | ૩૫૦૦ | ૪૭૦૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૦૧ |
| ૬ | ઘઉં લોકવન | ૪૨૫ | ૫૩૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૨૩ |
| ૮ | બાજરો | ૪૫૦ | ૫૨૮ |
| ૯ | જુવાર | ૪૭૪ | ૮૮૦ |
| ૧૦ | ચણા | ૧૦૨૦ | ૧૧૩૯ |
| ૧૧ | ચણા દેશી | ૧૦૫૦ | ૧૪૨૦ |
| ૧૨ | તુવેર | ૧૫૫૧ | ૨૦૫૦ |
| ૧૩ | એરંડી | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ૧૪ | મેથી | ૭૫૦ | ૧૦૮૮ |
| ૧૫ | રાય/રાયડો | ૮૪૫ | ૮૬૬ |
| ૧૬ | ધાણા | ૧૩૫૧ | ૧૭૦૫ |
| ૧૭ | સોયાબીન | ૮૦૦ | ૮૪૦ |
| ૧૮ | રાજગરો | ૧૬૦૦ | ૨૦૫૧ |

## પાના ૮ ઉપરનું ચાલું ગીરગઢડાનાં વડવીયાળામાંથી

છે. આ પેવર પ્લાન્ટના વધુ જણાવેલ છે કે, જમીન માલિક વિઢ્ઢ પોલીસ ફરિયાદ નોંધાવવા તેમજ વન વિભાગ દ્વારા તત્કાલીન સમયે આ પેવર પ્લાન્ટની તપાસ થયેલ અને વન વિભાગ એ પંચરોજ કામ કરી કાર્યવાહી કરેલ બાદ થોડા સમય માટે આ પેવર પ્લાન્ટ બંધ રહ્યા બાદ કોના આશીર્વાદથી અને મીઠી નજરથી પ્લાન્ટ ચાલુ કરવામાં આવેલ તેની તપાસ કરવી. વધુમાં જણાવેલ કે થોડા સમય પહેલા ઉનાના કાંધી ગામે ઉપરોકત અધિકારીઓ દ્વારા રાવલ નદી માંથી રેત ખનન ઝડપી રેત ખનનનો ૩૪ લાખનો મુદ્દામાલ કબજે કરી પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવેલ પરંતુ અમને મળેલી માહિતી મુજબ વડવિયાળાની ખનીજ ચોરી સંદર્ભે કોઈ પોલીસ ફરિયાદ નોંધાવી ન હોય, તેઓની સામે પણ પોલીસ ફરિયાદ નોંધાવી. વધુમાં જણાવેલ કે વન વિભાગ એ તત્કાલીન સમયે આ પેવર પ્લાન્ટ બંધ કરાવી પંચરોજ ફામ કરી યોગ્ય કાર્યવાહી કરી હોવા છતાં આ પેવર પ્લાન્ટ કોના આશીર્વાદ અને કોના આંખ મીચામણાથી ફરીથી ઈકોઝોન વિસ્તારમાં ગેરકાયદે પેવર પ્લાન્ટ મંજૂરી વગર ચાલુ કરવામાંઆવેલ તેની પણ તપાસ કરી/કરાવી કસુરવારો સામે દંડાત્મક કાર્યવાહી કરવી વધુમાં જણાવેલ કે, જવાબદાર વિભાગો અને વન વિભાગ એ સતર્કતા રાખી હોત તો પેવર પ્લાન્ટ ફરીથી ચાલુ ન થાત ખેર પેવર પ્લાન્ટ બંધ થતા વીજ કનેક્શન કેમ બંધ ન કરાયું અને પી.જી.વી.સી.એલ દ્વારા અપાયેલા વીજ કનેક્શનમાં રજૂ કરેલા સાધનિક પેપરોની ખરાઈ કરી, સ્થાનિક ગ્રામ પંચાયતની પૂર્વ મંજૂરી. વન વિભાગની એન.ઓ.સી. વગર ઈકોઝોનમાં સ્ટોન અથવા પેવર પ્લાન્ટ ચાલુ કરવાનો ગુન્હો બનતો હોય તેવા સંજોગોમાં ખાણ ખનીજ સહિતના જવાબદાર વિભાગોની ભૂમિકા શંકાસ્પદ હોય તેઓની પણ જવાબદાર અને કાર્યદક્ષ અધિકારી દ્વારા તપાસ થવી જોઈએ વધુમાં જણાવેલ કે, ઝડપાયેલ બ્લેક સ્ટોન ક્યાંથી લાવ્યા તેની અને જે સ્ટોન ૨ માંથી બ્લેક સ્ટોન લાવવામાં આવતો તે સ્ટોન કશર માલિક સામે પણ તપાસ કરવી તેમજ ઝડપાયેલ ખનીજના રોયલ્ટી પાસ અંગે પણ તપાસ કરવી જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય જેથી ખનીજ ચોરોમાં ધાક બેસે અને ભવિષ્યમાં ખનીજ ચોરી રોયલ્ટી ચોરી કરતા સો વખત વિચાર કરે પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા માટે મુદ્દાસરની રજૂઆત સંદર્ભે ત્વરિત કાર્યવાહી કરી પોલીસ ફરિયાદ કરવા અંતમાં માંગ કરેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૮ | ૧૪૬૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૮૯૦ | ૮૯૦ |
| ૩ | ચણા | ૮૯૬ | ૯૯૯ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૨ | ઘઉં | ૪૩૬ | ૫૦૩ |
| ૩ | ચણા | ૯૧૫ | ૧૦૮૧ |
| ૪ | સોયાબીન | ૮૨૧ | ૮૨૧ |
| ૫ | એરંડા | ૧૧૨૭ | ૧૧૨૭ |
| ૬ | જીરૂ | ૪૦૨૫ | ૪૫૫૦ |
| ૭ | તુવેર | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૮ | ધાણા | ૧૨૦૫ | ૧૨૦૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૧૫ |
| ૨ | ચણા | ૯૪૫ | ૧૦૭૫ |
| ૩ | જીરૂ | ૧૮૧૦ | ૪૧૦૦ |
| ૪ | ચણા સફેદ | ૧૦૮૦ | ૧૦૮૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૧૪૨૫ |
| ૬ | ઘઉં લોકવન | ૩૪૫ | ૪૮૯ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૫૮૦ |
| ૮ | સોયાબીન | ૭૦૦ | ૮૫૦ |
| ૯ | રાયડો | ૮૬૦ | ૮૬૦ |
| ૧૦ | મેથી | ૮૫૫ | ૯૩૫ |
| ૧૧ | તુવેર | ૧૪૧૫ | ૧૭૦૦ |
| ૧૨ | ચણા છોલે | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૮૦ | ૧૦૯૦ |
| ૧૪ | બાજરો | ૪૬૫ | ૪૬૫ |
| ૧૫ | જુવાર | ૮૦૦ | ૮૬૦ |
| ૧૬ | મગફળી | ૯૫૦ | ૧૦૪૫ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલાના થયેલ ચકચારી લૂંટ

છે કે, ફરીયાદી તથા સાહેદ પોતાના હવાલા વાળુ મોટર સાયકલ લઈને સાવરકુંડલા મણીભાઈ ચોક તરફથી સુરભી સ્ટેશનરી પાસે આવતા પોતાના મિત્ર સાથે ઉભા રહેલ તે વખતે એક હોન્ડા સાઈન મોટર સાયકલમાં આશરે ૩૦ વર્ષની ઉમરના ત્રણ માણસો આવી ફરીયાદીની મોટર સાયકલ પાસે ઉભી રાખવતા ફરીયાદીએ તેની સામુ જોતા, સામુ શુ જોછો તેમ કહી ફરીયાદીને ગાળો આપતા ફરીયાદીએ ગાળો આપવાની ના પાડતા આ ત્રણેય માણસો એકદમ ઉશ્કેરાઈ જઈ આ ત્રણેય માણસો મોટર સાયકલમાંથી નીચે ઉતરી ફરીયાદીને ધકકો મારી પછાડી દઈ ઢીકાપાટુનો માર મારી તેમજ મોટર સાયકલમાં છેલ્લે બેસેલ માણસે છરી કાઢી ફરીયાદીને મારવા જતા ફરીયાદીનો શર્ટ ચીરાય ગયેલ તેમજ ઉપરના ત્રણ વ્યકિતમાંથી કોઈ એક વ્યકિતએ ફરીયાદીના શર્ટના ખિસ્સામાં રહેલ રૂા. ૪૨૦૦૦ કાઢી લુંટી લીધેલ. તેવામાં પાછળથી બે મોટર સાયકલ સવારીમાં આવેલ ચાર માણસો તેમજ બાજુમાં જનતા ગેરેજમાં કામ કરતી એક વ્યકિત આવી આ તમામે ગેરકાયદેસર મંડળી રચી સામાન્ય ઉદેશ પાર પાડવા ફરીયાદીને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરેલાનાં આક્ષેપ વાળી ફરીયાદ જાહેર કરવામા આવેલ હતી.

ત્યારબાદ બચાવ પક્ષે સાવરકુંડલાના યુવા એડવોકેટ ઝુબેર ચૌહાણ રોકાયેલા અને સાવરકુંડલાનાં એડિશનલ સેશન્સ અદાલત સમક્ષ તોહમતદાર (૧) નવાઝભાઈ મહેબુબભાઈ સંઘી ઉ.વ. ૨૦, (૨) સોહીલભાઈ ગફારભાઈ આલીયાણી ઉ.વ. ૨૯, (૩) સોહીલભાઈ દાદાભાઈ ભટ્ટી ઉ.વ.૨૭, રહે. તમામ સાવરકુંડલા વાળાની જામીન પર મુકત થવા અરજ ગુજારતા અદાલત દ્વારા વકીલ ઝુબેર ચૌહાણની દલીલો ગ્રાહ્ય રાખી જામીન પર મુકત કરવાનો એડિશનલ સેશન્સ જજ શ્રીવાસ્તવ દ્વારા આદેશ કરવામાં આવેલ હતો.

સંકુલ MA-M.Com.-M.Sc.-MBA-MCA-ફાર્મસી-DMLT
PG કોલેજ & પ્રોફેશનલ કોલેજ – મેઈન વિષય પ્રવેશ
★ M.Sc. માઈક્રોબાયોલોજી – M.Sc. બાયોટેક્નોલોજી – M.Sc. કેમેસ્ટ્રી
★ MA સાયકોલોજી – MA સોસીયોલોજી – MA ઈંગ્લીશ • ગુજરાતી મિડીયમ
★ M.Com એકાઉન્ટન્સી ગુજરાતી મિડીયમ – M.Com એકાઉન્ટન્સી ઈંગ્લીશ મિડીયમ
★ MBA ફાયનાન્સ & માર્કેટીંગ – MCA & ફાર્મસી – GTU & AICTE
★ PG DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ મળશે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad001

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૭૦ |
| ૨ | મગફળી | ૧૦૯૨ | ૧૧૯૮ |
| ૩ | જીરૂ | ૪૦૯૦ | ૪૫૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૮ | ૫૭૧ |
| ૫ | ચણા | ૧૦૬૩ | ૧૧૦૭ |
| ૬ | ધાણા | ૧૨૭૫ | ૧૫૭૫ |
| ૭ | તુવેર | ૧૪૮૦ | ૧૭૧૦ |
| ૮ | એરંડા | ૧૦૧૮ | ૧૧૦૨ |
| ૯ | મેથી | ૯૩૦ | ૧૦૯૦ |
| ૧૦ | રાઈ | ૯૮૦ | ૧૨૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૧૭૦ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૭ |
| ૩ | બાજરો | ૪૦૦ | ૫૪૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૩૬ | ૫૪૦ |
| ૫ | જુવાર | ૫૧૦ | ૯૦૯ |
| ૬ | મકાઈ | ૫૮૫ | ૫૮૫ |
| ૭ | મેથી | ૮૬૦ | ૯૦૦ |
| ૮ | અડદ | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ૯ | તુવેર | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૧૦ | ચણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૦૦ | ૧૦૮૪ |
| ૧૨ | અજમા | ૧૨૦૦ | ૧૯૦૧ |
| ૧૩ | રાય | ૮૭૫ | ૧૦૫૧ |
| ૧૪ | ધાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

# ચલાલા ખાતે શ્રી મોગલ માનવ સેવા ટ્રસ્ટ દ્વારા ૪૦ મો સમુહ લગ્ન યોજાયા




ચલાલા–દાન મહારાજની પાવન ભુમી ચલાલાને આંગણે શ્રી મોગલમાં માનવ સેવા ટ્રસ્ટ દ્વારા સર્વે જ્ઞાતિય સમુહ લગ્નનું આયોજન સફળતા પૂર્વક સંપન્ન થયેલ હતું. ૪૦ માં સમુહ લગ્નમાં ૧૧ દિકરીઓ ને આર્શીવચન આપવા પૂજય મંગળામાં સાંઈ મંદિર અમરેલી તથા દાનબાપુની જગ્યામાંથી ઉદયબાપુ ભગત ધારી સાંઈ મંદીરના પ્રણેતા જીગ્નેશભાઈ ગૌસ્વામી સહિત આંમત્રિત મહેમાનો ઉપસ્થિત રહેલ હતા. ચલાલાના નાના એવા ગૃપની અવિરત સેવાઓને પત્રકાર મિત્રોએ હાજરી રહી ને બિરદાવ્યા સાથે તમ–મન–ધનથી સહયોગ આપેલ હતો. છેલ્લા ૧૫ વર્ષથી મોગલ માનવ સેવા ગૃપ–શિવસાંઈ ગૃપ ભુખ્યાને ભોજન તથા વૃધ્ધ નિરાધાર લોકોને અનાજ વિતરણ–કપડા વિતરણ દ્વારા મદદરૂપ બને છે. તેમજ વિધવા બહેનોને સાડી તથા અનાજ કિટ આપવામાં આવે છે. રાજુભાઈ જાની અને તેમની ટીમ ધારી તાલુકાના ગામડાઓ સુધી જરૂરીયાત મંદ ગરિબ પરિવારના ઘરે ઘરે મુલાકાત લયને તેમની આર્થીક પરિસ્થિતી મુજબ જે કાંઈ સહાય થાય એ તમામ સહાય દાતાઓના સહયોગથી મદદ કરી રહેલ છે. ૪૦ માં સમુહ લગ્નની ભવ્ય સફળતા જોઈને જાનમાં આવેલ મહેમાનોએ પણ આવતા ૪૧માં સમુહ લગ્ન માટે કરિયાવર વસ્તુઓ આપવાની તથા ભોજન વિભાગમાં સહયોગ આપવાની જાહેરાત કરેલ હતી. આવનાર તમામ મહેમાનો તથા રસોડા વિભાગમાં સેવા અપતા સેવાભાવિ મિત્રો–દાતાઓનો આભાર રાજુભાઈ જાનીએ વ્યકત કરેલ હતો એમ ચલાલાના પત્રકાર પ્રકાશભાઈ કારીયા – વિપુલભાઈ કારીયાની યાદીમાં જણાવેલ છે.

### ગાંધીનગરમાં યોજી બેઠક

## ક્ષત્રિય સમાજની નારાજગી દૂર કરવા ખુદ મુખ્યમંત્રી મેદાનમાં ઉતર્યા

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ હાજરીમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ

ગાંધીનગર,તા. ૨

છેલ્લા એક સપ્તાહ કરતા વધુ સમયથી પરષોત્તમ રૂપાલાના ક્ષત્રિય સમાજ અંગેના નિવેદન બાદ વિવાદ વકરી રહ્યો છે.ગોંડલમાં આ વાતને થાળે પાડવા ક્ષત્રિય સમાજનું સંમેલન મળ્યુ હતુ. જો કે તે પછી મામલો બીચક્યો હતો.હવે આ વિવાદને શાંત કરવા ખુદ મુખ્યમંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ મેદાનમાં ઉતર્યા છે. ગાંધીનગરમાં આ મામલે બેઠક યોજાઈ છે.રૂપાલા સામે ક્ષત્રિય સમાજના વિરોધને શાંત કરવા માટે ગાંધીનગરમાં બેઠક યોજાઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ હાજરીમાં આ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ છે. સી આર પાટીલના નિવાસસ્થાને ભાજપના ક્ષત્રિય અગ્રણીઓ સાથે બેઠક યોજવામાં આવી. આ સાથે જ બેઠકમાં હર્ષ સંઘવી, બળવંતસિંહ રાજપૂત, જયરાજસિંહ પરમાર, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કિરીટસિંહ રાણા પણ ઉપસ્થિત રહ્યા.એવુ માનવામાં આવી રહ્યુ છે કે બેથી ત્રણ દિવસમાં ક્ષત્રિય સમાજમાં જે વિરોધ જોવા મળી રહ્યો છે તે શાંત થઈ શકે છે.ભાજપ હાઈ કમાન્ડ દ્વારા એવુ કહી દેવામાં આવ્યુ છે કે ઉમેદવાર નહીં બદલવામાં આવે, એટલે કે પરષોત્તમ રુપાલાને બદલવામાં નહીં આવે, જે નારાજગી છે તેને દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવશે.ગઈકાલે મુખ્યમંત્રીની વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત થઈ હતી. જે દરમિયાન ગુજરાતની વાત થવી એ સ્વાભાવિક છે.

ગુજરાતમાં ક્ષત્રિય સમાજનો વર્ગ ખૂબ જ નાનો છે.જો કે એ વર્ગને પણ મનાવવો ખૂબ જરુરી છે. અત્યાર સુધી તેમને લઈને કોલ લેવામાં આવ્યો ન હતો.જો કે હવે આ મામલાને શાંત કરવાનો ભાજપે નિર્ણય લીધો છે.

## લોકસભાની ચુંટણીના પડધમ વાગી ગયા અને પ્રચાર કાર્ય શરૂ થયું

અમરેલી, તા. ૨

લોકસભા – ૨૦૨૪ ની ચૂંટણી માટેની તૈયારીઓ આરંભાઈ ગઈ છે,ત્યારે કેટલીક બેઠક પરના ઉમેદવારોના નામ સામે કચવાટ ધૂંધવાઈ રહ્યો છે આવા સમયે – ડેમેજ કન્ટ્રોલ – મનાવવા માટે અને માત્ર અફવા છે, એવા સંદેશાઓ વહેતા થયા છે.'નરો વા કુંજરો વા'ઘીના ઠામમાં ઠંડુ પાણી રેડાઈ ગયું એવા નિવેદન થી ભભૂકેલી આગને ઠારવા તમામ પ્રયત્નો કરાઈ રહ્યા છે અમરેલીના ભાજપનાં ઉમેદવારનાં નામનું ગુંચવાયેલા કોકડામાં હાલતો રાહત થઈ છે, એવીજ રીતે રાજકોટની બેઠકના અમરેલીના વતનીને ભાજપનાં ઉમેદવારે કરેલ એક સમાજ સામેની ટિપ્પણી મુદ્દે, માફી બાદ પણ સંઘર્ષ શરૂ છે.અફવા અને ચર્ચાઓ વચ્ચે, ગુજરાતની ૨૬ બેઠકોના ઉમેદવારોનાં નામ જાહેર કર્યાબાદ, પરિસ્થિતિ નિર્માણ થઈ છે, ત્યારે બધું થાળે પડી જાય અને શાંતિપૂર્ણ માહોલમાં ગુજરાતની ૨૬ બેઠકોનું મતદાન સંપન્ન થાય,એવી તૈયારીઓ ચૂંટણી પંચ અને પ્રશાસન દ્વારા કરવામાં આવી રહી છે.

### દરોડા પાડીને માલ કર્યો જપ્ત

## લાઇસન્સ વિના કામ કરતા વેપારીઓ સામે BIS ની મોટી કાર્યવાહી

### દેશભરમાં BIS નું લાઇસન્સ વિના કામ કરતા વેપારીઓ સામે ભારતીય માનક બ્યુરો (BIS)ના અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે

અમદાવાદ,તા. ૨

દેશભરમાં BIS નું લાઈસન્સ વિના કામ કરતા વેપારીઓ સામે ભારતીય માનક બ્યુરો (BIS)ના અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં બ્યુરો પાસેથી માન્ય લાયસન્સ લીધા વિના આઈએસઆઈ માર્ક ધરાવતા કાપડ-પોલિએસ્ટર સ્ટેપલ્સ ફાઈબરના આયાતની માહિતીના આધારે જીઆઈડીસી, ધોળકામાં દરોડાની કાર્યવાહી કરવામાં આવી છે.આ દરોડાની કાર્યવાહી દરમિયાન મેસર્સ જીઓ સોર્સને ત્યાંથી આઈએસઆઈ માર્ક વગરની પોલિએસ્ટર સ્ટેપલ ફાઈબરની કુલ ૧૯૭ ગાસડીઓ જપ્ત કરવામાં આવી હતી. આ પ્રોડક્ટ ભારત સરકારના આદેશ મુજબ ફરજિયાત પ્રમાણીકરણમાં આવે છે, જે સૂચવે છે કે કોઈપણ વ્યક્તિ ભારતીય માનક બ્યુરોમાંથી માનક ચિહ્ન માટે આઈએસઆઈ લાયસન્સ મેળવ્યા વિના આવા કોઈપણ સામાન, લેખ, પ્રક્રિયા, સિસ્ટમ અથવા સેવાનું ઉત્પાદન, આયાત, વિતરણ, વેચાણ, ભાડે, સ્ટોર અથવા વેચાણ માટે પ્રદર્શન કરી શકશે નહીં.આ ઉપરાંત ભારતીય માનક બ્યુરોની પૂર્વ પરવાનગી વિના માનક ચિહ્નનો ઉપયોગ કરવાવાળાની વિરુદ્ધ ભારતીય માનક બ્યુરો અધિનિયમ, ૨૦૧૬ના અનુચ્છેદ-૧૭ના ઉલ્લંઘનની કાર્યવાહી કરવામા આવે છે. આ અપરાધ દંડનીય છે, જે અંતર્ગત બે વર્ષની જેલ અથવા ઓછામાંઓછા રૂ. ૨ લાખ આર્થિક દંડ અથવા બંને સજાની જોગવાઈ છે.ઉલ્લેખનીય છે કે, ભારતીય માનક બ્યુરો સમયાંતરે આવા પ્રકારની સામગ્રીના ઉપયોગથી થતી છેતરામણી અને સંભવિત સુરક્ષા ખતરાથી સામાન્ય જનતાને બચાવવા માટે આઈએસઆઈ માર્કના દુરુપયોગની મળેલ/કરેલ ફરિયાદ અનુસાર અવારનવાર સંખ્યાબંધ દરોડા કરતી હોય છે, જેથી કોઈ પણ વ્યક્તિ જેની પાસે ભારતીય માનક બ્યુરોના માનકચિહ્નના દુરુપયોગની જાણકારી હોય અથવા ફરજિયાત પ્રમાણનના હેઠળ આવતા ઉત્પાદનોનું ઉત્પાદન કરનારાઓ વિશે કોઈપણ પ્રકારની માહિતી હોય તો તે ભારતીય માનક બ્યુરોમાં ફરિયાદ કરી છે, જેનો મુખ્ય હેતુ પર બેઈમાન ઉત્પાદક જનતાને છેતરવા માટે જે કિમિયા અપનાવે છે, તેનાથી દૂર રાખવાનો છે.

## એસ.ટી. સેવા દિન પ્રતિદિન કથળી રહી છે

## મહુવા–અમરેલી–ગઢડા વચ્ચેનો ટ્રાફીકથી ધમધમતો રૂટ બંધ થયો

### મુસાફર વર્ગમાં નારાજગીનો માહોલ ઉભો થયો

અમરેલી, તા.૨

ગઢડા (સ્વામી)ના થી મહુવા–વાયા અમરેલી, સાવરકુંડલા, બાઢડા, જાબાળ, થોરડી, આગરીયા, રાજુલા,વિક્ટર થઈને મહુવા રાતે ૮ વાગ્યા આજુબાજુ પહોંચી સવારે એજ રૂટ ઉપર પરત જતી હતી અને લગભગ ૩૦ કે વર્ષ થી આ રૂટ શરૂ હતો, સાવરકુંડલા થી બપોર પછી ૨:૧૫ થોરડી, આંબરડી રાજુલાની બસ છેક ૬ વાગ્યા પછી આવે છે એ પણ થાનગઢ, ચોટીલા, રાજુલા જે બસમાં ટ્રાફિક રહેતું હોય જગ્યા મળતી નથી. રાજુલા, થોરડી, આંબરડી, આગરીયા, એ બાજુ જવા માટે ૩ કલાક સુધી કોઈ બસ મળતી ન હોય, પ્રાઈવેટ વાહન વાંળા ટિકિટ કરતા વધારે પૈસા એટલે કે ડંબલ ભાડુ લે છે.

## રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ

અમદાવાદ, તા. ૨

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત રાજ્યભરમાં ગત ૧૪ માર્ચથી પ્રવેશ પ્રક્રિયા શરૂ થઈ છે, જોકે આવકના દાખલાની માથાકૂટને લઈને આ ફોર્મ ભરવાની તારીખ ૩૦ માર્ચ સુધી લંબાવવામાં આવી હતી. અમદાવાદમાં અત્યાર સુધીમાં ૩૬ હજાર ફોર્મ ભરાયા છે, જેમાંથી ૧૦ હજાર ફોર્મ રિજેક્ટ થયા છે. ત્યારે આ રિજેક્ટ થયેલા ફોર્મને સુધારણાની તક ત્રણ દિવસ માટે આપવામાં આવી છે. બીજી તરફ શાળા સંચાલક મંડળે રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત સીટો વધારવાની માંગ કરી છે. રાજ્યભરમાં રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત એડમિશનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે, ત્યારે અમદાવાદમાં જ ૩૬ હજારથી વધુ વિદ્યાથીઓએ ફોર્મ ભર્યા છે. ૩૦ મી માર્ચ સુધીમાં વિદ્યાથીઓને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ હતી, જેમાં ૩૬૦૪૨ વાલીઓએ પોતાના બાળકોના પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભર્યા હતા. આ ફોર્મની સ્ક્રૂટીની થયા બાદ ૨૫૮૦૦ વિદ્યાથીઓના ફોર્મ એપ્રુવ કરવામાં આવ્યા છે, જ્યારે ૧૦,૦૬૦ વિદ્યાથીઓના ફોર્મ રિજેક્ટ કરવામાં આવ્યા છે. જે વિદ્યાથીઓના આ ફોર્મ રિજેક્ટ થયા છે, તેમને સુધારણા કરવા માટે ૩ દિવસ આપવામા આવ્યા છે. એટલે કે વાલીઓ તેમના ખુટતા ડોક્યુમેન્ટ આગામી ૩જી એપ્રીલ સુધીમાં અપલોડ કરી ફોર્મ સુધારી શકે છે. બીજી તરફ રાજ્ય શાળા સંચાલક મંડળ દ્વારા સરકારમાં સીટો વધારવા માટે રજૂઆત કરવામાં આવી છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલે જણાવ્યુ હતુ કે, ધોરણ ૧માં પ્રવેશ માટે વિદ્યાથીઓની ઉંમર ૬ વર્ષની કરવામાં આવતા ગત વર્ષે વિદ્યાથીઓની સંખ્યમાં મોટો ઘટાડો નોંધાયો છે. જેને લઈને આ વર્ષે રાઈટ ટુ એજ્યુકેશન ની બેઠકો ૫૦ ટકા જેટલી ઘટી છે. જે મુજબ આ વર્ષે ૨૦૨૪-૨૫ માટે માત્ર ૪૩૮૯૬ જેટલી જ બેઠકો છે. જેની સામે ગત વર્ષે ૮૩ હજાર જેટલી બેઠકો હતી. રાઈટ ટુ એજ્યુકેશન પ્રવેશના હાલના નિયમ મુજબ ધોરણ ૧ ની વર્ગ દીઠ કુલ મંજુર જગ્યામાં ગત વર્ષે જે રાઈટ ટુ એજ્યુકેશનનો પ્રવેશ થયા હોય તેને બાદ કરતાં જેટલી બેઠકો રહે તેના ૨૫ ટકા મુજબ બીજા વર્ષે પ્રવેશ અપાય છે. આ નિયમ મુજબ હવે ૨૦૨૪-૨૫ ના વર્ષ માટે રાજ્યમાં બેઠકો ઘટતા મોટી મુશ્કેલી ઉભી થઈ છે. ગત વર્ષે ત્રણ રાઉન્ડના અંતે ૬૧ હજારથી વધુ બાળકોના પ્રવેશ થયા હતા. આમ ગત વર્ષ મુજબ પ્રવેશની સંખ્યા જોઈએ તો આ વર્ષે ૪૩ હજાર બેઠકો સામે હજારો બાળકો પ્રવેશ વંચિત રહે તેવી સ્થિતિ જોવાઈ રહી છે. ત્યારે શાળા સંચાલક મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે કે, રાજ્યની ખાનગી શાળાઓમાં ધોરણ ૧ માટે ૬૦ વિદ્યાથીઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને ૨૫ ટકા મુજબ એક વર્ગમાં ૧૫ વિદ્યાથીઓ ફાળવવા જોઈએ.


:: નામ બદલાવેલ છે ::

આથી હું જાહેર કરનાર, પરેશ પરબતભાઈ કોઠીયા, મારૂ જુનું નામ પરેશભાઈ પરબતભાઈ કોઠીયા માંથી બદલીને, પરેશ પરબતભાઈ કોઠીયા કરેલ છે. તો હવે થી હું આ નામથી ઓળખાઈશ.

:: નામ બદલાવેલ છે ::

આથી હું જાહેર કરનાર, ઉર્મિલાબેન પરેશ કોઠીયા, મારૂ જુનું નામ ઉર્મિલાબેન પરેશભાઈ કોઠીયા માંથી બદલીને, ઉર્મિલાબેન પરેશ કોઠીયા કરેલ છે. તો હવે થી હું આ નામથી ઓળખાઈશ.

CHANGE OF NAME

I, Dhandhukiya Baliben Dhanajibhai alias Dhandhukiya Baliben Dhanjibhai, D/o Dhandhukiya Dhanjibhai, R/o 73, Nadi Kathe, Valardi Road, Chamardi, Po. Chamaradi, Dist.Amreli, Gujarat, 365410, have changed my name to Dhandhukiya Kritika Dhanajibhai for all future purposes.


## ફેરફિલ્ડ બાય મેરિયોટ હોટલના સૂપમાંથી જીવાત નીકળતા કિચન સીલ કરાયું

અમદાવાદ,તા. ૨

અમદાવાદ કોર્પોરેશનના હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહ્યું છે.શહેરના ઘણા એકમો સામે કોર્પોરેશન દંડ કરતા હોય છે.આવી જ એક ઘટના અમદાવાદની એક મોટી હોટેલમાં સામે આવી છે.ઉસ્માનપુરમાં આવેલા ફેરફિલ્ડ બાય મેરિયોટ હોટલના કિચન સામે કાર્યવાહી કરવામાં આવી અને તેને સીલ મારવામાં આવ્યું હતું.એક ગ્રાહક તેના પરિવાર સાથે હોટલમાં જમવા માટે ગયા હતા,આ ગ્રાહકે સૂપનો ઓર્ડર કર્યો હતો.જ્યાં આ ગ્રાહકના સૂપમાંથી જીવાત નીકળી હતી. જે અંગે કોર્પોરેશનના ફૂડ વિભાગમાં ફરિયાદ કરી હતી.ઓનલાઈન ફરિયાદનો નિકાલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યો હતો.હેલ્થ વિભાગની ટીમ દ્વારા હોટલમાં ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ મુજબ ડોક્યુમેન્ટ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ જેવા ડોક્યુમેન્ટ રજૂ કર્યા ન હોવાથી કિચન સીલ કરવામાં આવ્યું છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી ડો. ભાવિન જોશીએ જણાવ્યું હતું કે,અમારી ટીમ દ્વારા કિચનમાં કોઈપણ પ્રકાર નો ખાદ્ય પદાર્થ ન બનાવવા ક્લોઝર નોટિસ આપી બંધ કરાવ્યું છે. કિચનમાં પેસ્ટ કંટ્રોલ વગેરે કરાવી અને તેમની પાસેથી વહીવટી ચાર્જ લીધા બાદ જ કિચન શરૂ કરવાની પરવાનગી આપવામાં આવશે.ફૂડ વિભાગે જણાવ્યું હતું કે, હોટલ, રેસ્ટોરન્ટ, ફાસ્ટફૂડ પાર્લર તથા ફૂડ વેન્ડિંગ એસ્ટાબ્લીસમેન્ટ માં સંકળાયેલા ધંધાર્થીઓને જણાવવામાં આવે છે કે, આપના ધંધાના સ્થળે પેસ્ટ કંટ્રોલ તાત્કાલીક કરાવી તથા કિચન વેસ્ટ કોન્ટ્રાક્ટ અંગેનું સર્ટિફિકેટ પણ મેળવી લેવાનું રહેશે. વધુમાં આવનારા ગરમીના દિવસો દરમિયાન વિવિધ પ્રકારના ઠંડાપીણા, પેકેજ ડ્રિંકીંગ વોટર, આઈસ્ક્રીમ, બરફના ગોળા, લસ્સી, શરબત વગેરેના ધંધા સાથે સંકળાયેલા એકમોની સઘન તપાસની કામગીરી કરવામાં આવશે.

# લીલીયામોટા ખાતે ભારતીય શ્રમયોગી સંઘની બેઠક મળી



લીલીયા મોટા ડો. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે ભારતીય શ્રમયોગી સંઘ દ્વારા લીલીયા મોટાના બાંધકામવ્યવસાયસાથેજોડાયેલાશ્રમિકો જેવા કે સેન્ટીંગકામ, કડિયાકામ, ઈલેક્ટ્રીકકામ, પ્લમ્બરકામ તેમજ અન્ય બાંધકામવ્યવસાયસાથેજોડાયેલાતમામ પ્રકારના ૫૦ કરતાં વધારે આગેવાનો તથા બાંધકામ કામ કરતા કારીગરોનુંએક 'શ્રમિક સંવાદ' નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં મુખ્યત્વે લીલીયા તાલુકા ના બાંધકામ શ્રમિકના સંપૂર્ણ માર્ગદર્શન નીચે કરવામાં આવ્યું જેમાં લીલીયા તાલુકાના બાંધકામ સાથે જોડાયેલા ખૂબ જ મોટા અનુભવી કોન્ટ્રાકટર જેમને વારસામાં જ બાંધકામ વ્યવસાયનો ધંધો મળ્યો છે તેવા લીલીયાનાઆગેવાન નરેન્દ્રભાઈ હેલૈયાએ સમગ્ર આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં મુખ્યએજન્ડાલીલીયાતાલુકાનાહોદ્દેદારોની નિમણૂંક કરવામાંઆવી હતી. જેમાંપ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રીતથાખજાનચીનીનિમણૂંક લીલીયા બાંધકામ શ્રમયોગી કારીગરોની હાજરીમાંસર્વાનુમતેકરવામાંઆવી. જેમાં પ્રમુખ નરેન્દ્રભાઈ ગોવિંદભાઈ હેલૈયા, ઉપપ્રમુખ હરજીભાઈ ભીમજીભાઈ રાઠોડ, મહામંત્રી બગડા જીતેન્દ્રભાઈ ધીરૂભાઈ, ખજાનચી મુકેશભાઈ ભીમજીભાઈ વાળાની નિયુકિત સર્વાનુંમતે કરાઈ. આ કાર્યક્રમમાં મુખ્ય બાંધકામ શ્રમિકોને મળતી અલગ અલગ સરકારની સહાય તેમજ અલગ અલગ પ્રકારનીસ્કિલવાઈઝટ્રેનિંગતથાબાંધકામ શ્રમિકનેલગતાઈ–નિર્માણ કાર્ડ વિશે ખૂબ જ ભારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. સલામતી તથા કારીગરીનોયોગ્યમહત્તમ ભાવતથાગુણવત્તાસભરકામકરવુંતેમજ નોલેજ બુક તથા અલગ અલગ સંગઠનો સાથે જોડાયને વધારેમાં વધારે બાંધકામ શ્રમિકને લાભ કેમ મળે તેના માટે ખૂબ જ ભારપૂર્વક હોદ્દેદારો તથા આગેવાનો દ્વારા ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય ભારતીય શ્રમયોગી સંઘના અધ્યક્ષ જગદીશભાઈ વ્યાસખાસઉપસ્થિતરહ્યા હતા તેમજ અમરેલી જિલ્લા પ્લમ્બર એસોસિયેશનના નરેશભાઈ ચાંચીયા પણ ઉપસ્થિત રહ્યા હતા. ઉર્જા ઈલેકટ્રીક એસોસિએશનના પ્રમુખ ભરતભાઈ વ્યાસ પણ હાજર રહ્યા હતા તેમજ હમણાં જ બનેલી નવી કમિટી અમરેલી કડિયાનાકા ગ્રુપના પ્રમુખ મનસુખભાઈ સોલંકી પણ ખાસ ઉપસ્થિત રહેલ હતા. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન ભારતીય શ્રમયોગી સંઘના ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ દ્વારા કરવામાં આવ્યું તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સેંકડો ખેડૂતોને હવે, તો વાડીએ જવામાં પણ મુશ્કેલી

# બરવાળા બાવીશીનાં ખેડૂતોનો માર્ગ બંધ થતાં હલ્લાબોલ

**રાજાશાહી વખતનો માર્ગ બંધ થતાં ખેડૂતોને ટ્રેક્ટર લઈને વાડીએ જવામાં મુશ્કેલી**

**ખેડૂતોએ તૈયાર કરેલ પાકની હેરફેર થઈ શકતી ન હોવાથી નારાજગી જોવા મળી**

**૧૫૦૦ થી ૧૭૦૦ વિઘામાં વાવેતર થયું હોય ૫૮ ખેડૂતોમાં નારાજગી**

**મામલતદારને ખેડૂતોએ આવેદનપત્ર પાઠવીને માર્ગ ખુલ્લો કરવામાં નહી તો આંદોલનની ચીમકી આપી**



તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા. ૨

અમરેલી જિલ્લાનાં ખેડૂતો પોષણક્ષમ ભાવો, અનિયમિત વીજળી, સિંચાઈ માટે પાણી, રાનીપશુઓની સમસ્યા, ડીઝલ, બિયારણ, ખાતરમાં થયેલ ભાવ વધારો સહિતની સમસ્યાથી પિડીત હોય તેવા સમયે વડિયાનાં બરવાળા બાવીશી ગામનાં ૫૮ જેટલા ખેડૂતોને વાડીએ જવાનો માર્ગ જે રાજાશાહી વખતનો હતો તે બંધ થયો છે. બરવાળા બાવીશી ગામનાં ખેડૂતોએ આજે રોષભેર મામલતદારને આવેદનપત્ર પાઠવીને બે દિવસમાં માર્ગ ખુલ્લો કરવા માંગ કરી છે. નહિ તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

---

### સાવરકુંડલા રેન્જનાં આરએફઓ દ્વારા કાર્યવાહી

## કાંચિડો અને કોબ્રાની ફોટોગ્રાફી કરી હત્યા કરનાર આરોપી ઝડપાયા

**એક આરોપીની અટકાયત અન્ય ૨ ની શોધખોળ**



અમરેલી, તા. ૨

સાવરકુંડલા નોર્મલ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફીસર પ્રતાપ.એન. ચાંદુ, રાઉન્ડ ફોરેસ્ટર યાસી.ઓ. જુણેજા, પ્રદીપસિંહ.વી. ચાવડા તથા ફો.ગાર્ડ, આર.એન. ચાંદુ તેમજ અને સાવરકુંડલા રેન્જ સ્ટાફ દ્વારા રેવન્યુ વિસ્તારોમાં વન્યજીવોની સુરક્ષાની તકેદારીના ભાગરૂપે સઘન તપાસની કામગીરી હાથ ધરેલ હતી. જેમાં તા. ૧/૪/૨૦૨૪ના રોજ સાવરકુંડલા તાલુકા હઠળના લુવારા રેવન્યુ વિસ્તારમાં ફેરણા દરમ્યાન શંકાસ્પદ લોકોની હિલચાલ જણાતા સઘન તપાસ કરતા વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ના શેડયુલ–૧ નાં પાર્ટ–સી હેઠળ આરક્ષિત વન્ય જીવ લીલો કાચિંડો (ઈન્ડિયન કેમેલીયન), નાગ (ઈન્ડિયન કોબ્રા) ને પકડી મોબાઈલમાં ફોટોગ્રાફી કરેલ તથા શેડયુલ–૧ નાં પાર્ટ–સી હેઠળ આરક્ષિત વન્ય જીવ ધ્રામણ (કોમન રેટ સ્નેક) ને આરોપી દ્વારા હાથ વડે પકડી લાકડી વડે મારી મૃત્યુ નીપજાવેલ આરોપી મળી આવેલ.

આ ગુનો આચરનાર આરોપી જગુભાઈ બચુભાઈ પરમાર,

અનુસંધાન પાના ૬ ઉપર

## ધારી : શિવડ ગામે જુગાર રમતા પત્તાપ્રેમી ઝડપાયા

અમરેલી, તા. ૨

ધારી તાલુકાના શિવડ ગામે પરાવિસ્તારમાં આરોપી અરવિંદભાઈ મનજીભાઈ બજાણીયા, હસમુખભાઈ ભીખાભાઈ વાળા, રામકુભાઈ મેરામભાઈ ડવ, કિશોરભાઈ જાગાભાઈ મુંજપરા, મનસુખભાઈ ઉકાભાઈ ચારોલા (રહે. પાંચેય શીવડ) તથા બટુકભાઈ સમજુભાઈ રાઠોડ (રહે. મીઠાપુર) નામનાં છ ઈસમો જાહેરમાં ગંજીપતાના પાના વડે પૈસા વતી હારજીતનો જુગાર રમાતા હોય. આ અંગે સ્થાનિક પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂા.૧૪,૨૮૦ના મુદામાલ અને જુગાર લગત સાહિત્ય સાથે રેઈડ દરમ્યાન છએય ઈસમો પકડાઈ જતા ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### એડિશ્નલ સેશન્સ કોર્ટમાં અરજી ચાલી જતા

## સાવરકુંડલાના થયેલ ચકચારી લૂંટ પ્રકરણના આરોપીઓ જામીન મુકત

**બચાવપક્ષે એડવોકેટ ઝુબેર ચૌહાણ રોકાયેલ હતા**

(પ્રતાપ ખુમાણ દ્વારા)

સાવરકુંડલા, તા. ૨

ગત તારીખ ૧૫/૩/૨૪નાં સાવરકુંડલા ટાઉન પો. સ્ટે. આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૯૪, ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૫૦૪, ૫૦૬(૨) મુજબના ગુનાની ફરિયાદ ફરીયાદીએ તા.૧૫/૦૩/૨૦૨૪નાં રોજ આરોપી જનતા ગેરેજમાં કામ કરતી એક વ્યકિત તથા અન્ય સાત અજાણ્યા ઈસમો વિરૂધ્ધ નોંધાવેલ છે.

કેસની ટુંકમાં હકીકત એવી



અનુસંધાન પાના ૬ ઉપર


---

### લાયન નેચર ફાઉન્ડેશન દ્વારા માંગ

## ગીરગઢડાનાં વડવીયાળામાંથી ઝડપાયેલ ખનિજ તત્વોની ચોરીની ફરિયાદ નોંધો

**લાયન નેચર ફાઉન્ડેશન દ્વારા ખાણ–ખનિજ વિભાગને પત્ર પાઠવેલ છે**





અમરેલી, તા. ૨

પત્રમાં જણાવેલ છે કે, ખનીજ ચોરીના હબ બનેલા ગીર સોમનાથ જિલ્લામાં ગીરગઢડાના વડવીયાળા ગામે પ્રાંત અધિકારી તેમજ ગીર ગઢડા મામલતદાર દ્વારા રેડ પાડી તપાસ બાદ ખનીજ ચોરોને દંડ ફટકારેલ

અનુસંધાન પાના ૬ ઉપર

---

### માર્કેટયાર્ડમાં સરગવો વેચવા જતાં બનાવ બન્યો

## અમરેલી–લાઠી માર્ગ ઉપર ટોડા નજીક બાઈક પલ્ટી જતાં વૃધ્ધનું મોત

**સ્થાનિક પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી**

અમરેલી, તા. ૨

લાઠી તાલુકાના ટોડા ગામે રહેતા વિનુભાઈ ભગવાનભાઈ સાંગાણી નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ તા. ૧૧/૨ આશરે સવારના છએક વાગ્યે પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૦૫ ડીજી ૨૭૨૮ લઈ ટોડાથી લાઠી માર્કેટયાર્ડમાં સરગવો વેંચવા માટે જતા હોય. તે દરમ્યાન અમરેલી–લાઠી હાઈવે ઉપર ટોડાથી લાઠી તરફ બે કિ.મી. દુર મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી મોટર સાયકલ ભટકાવી અકસ્માત કરી પોતાના માથાના ભાગે હેમરેજ જેવી ગંભીર ઈજા કરતા સારવાર માટે દવાખાને ખસેડાયેલ જયાં તેમનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### પરપ્રાંતીય દંપત્તિ ભાગીયુ રાખીને ખેતી કરતો હોય

## સાવરકુંડલાનાં થોરડી ગામે પતિ સાથે માથાકૂટ થતાં પત્નીએ કરી આત્મહત્યા

**લીમડાનાં વૃક્ષ સાથે ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઈ લીધો**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાના થોરડી ગામે નનુભાઈ તુલસીભાઈ બરવાળીયાની વાડીએ રહેતા અને મુળ મધ્યપ્રદેશના વતની ભીકલીબેન સીરદાર મહેડા નામનાં ૩૧ વર્ષિય મહિલા તથા તેણીના પતિ બન્ને વચ્ચે ગયા અઠવાડીયામાં મજુરીકામ કરવા બાબતે બે વખત બોલાચાલી થયેલ હોય. જેનુ મન દુઃખ રાખી મરણ જનાર ભીકલીબેન સીરદાર મહેડાએ પોતે પોતાની મેળે લીંમડાના ઝાડે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ મરણનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### બીડ વિસ્તારમાં લાકડાનું ધ્યાન રાખનાર

## સાવરકુંડલાનાં વિજયાનગરનાં યુવકનાં ૯૦૦ રૂપિયા લઈ મારી નાખવાની ધમકી

અમરેલી, તા. ૨

સાવરકુંડલા ગામે અમરેલી રોડ ઉપર મારૂતીનગરમાં રહેતા અને ફોરેસ્ટ વિભાગમાં ટ્રેકર તરીકે ફરજ બજાવતા ખાલીદભાઈ કાદરભાઈ કથીરી નામનાં ૩૫ વર્ષિય યુવકને તેના અધિકારીએ કાપેલા લાકડાનુ ધ્યાન રાખવા માટે થઈ અને વિજયાનગરના

અનુસંધાન પાના ૬ ઉપર

---

### અમરેલી જિલ્લામાં ''આપ''નાં કાર્યકર્તાઓ ખૂશ

## આમ આદમી પાર્ટીનાં સાંસદ સંજયસિંહને જામીનમુકત કરાયા

**પ્રખર વકતા જેલમાંથી બહાર આવશે**

અમરેલી, તા. ૨

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં સંયોજક નિકુંજ સાવલીયાએ આમ આદમી પાર્ટીનાં સાંસદ સંજયસિંહને કોર્ટ ધ્વારા જામીન



પર જેલમાંથી મુકત કરવામાં આવતાં તે ઘટનાને આવકારી હતી.

અમરેલી જિલ્લામાં ''આપ''નાં કાર્યકર્તાઓએ અદાલતનાં નિર્ણયને આવકારીને ખૂશી વ્યકત કરી હતી.


**જોઈએ છે**

કોમ્પ્યુટર ઓપરેટર....................૨

CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઈપીંગનાં અનુભવી

ઓફિસબોય............................૧

ઓફિસનાં પરચુરણ કામકાજ માટે

અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો

રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક

કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ

60,690/-

(૧૦ ગ્રામ)

રહેલ તા.૦૨/૦૪/૨૦૨૪ ના રોજ

હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો

95558 11166

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.

એ–૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,

કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

હવે...આપણા અમરેલીમાં જ સુરત, રાજકોટ, અમદાવાદ જેવી જ સુવિધા ઉપલબ્ધ.

NCT CANDOR

IVF CENTER (ટેસ્ટ ટ્યૂબ બેબી)

ડો. ચેતના મુરારકર

M.B.B.S., DGO

(Laparoscopic Surgeon & IVF Specialist)

ડો. જયદેવ ધામેલીયા

MBDGO

IVF Specialist

( 14 years Experience )



હવે... તમારા ઘરે પણ ગુંજશે

ખુશીઓની કિલકારી...

એકમાત્ર અમરેલી જીલ્લાનુ

IVF CENTER

(ટેસ્ટ ટ્યૂબ બેબી સેન્ટર)

સ્થળ: નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ | ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી

વધુ માહિતી માટે સંપર્ક કરો

99789 66629, 88491 09784


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)